
# શ્રીભાગવત અંતર્ગત
# કપિલ ગીતાનું માહાત્મ્ય



|| ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ||

ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી

પ્રકાશક : પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ

પ્રકાશક

**પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર**

**670 Sarah ct. Windsor**
**N9G2Y7, CANADA**
**WhatsApp No.9427495159**

:પ્રવક્તા:
ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી
(કીશનગઢ-પાર્લા)

સંકલન: પ્રવીણ ડઢાણીયા

પ્રથમ સંસ્કરણ:વિ.સ.૨૦૭૮

મુદ્રક : પૂર્વી પ્રેસ રાજકોટ

## ।। પ્રસ્તાવના ।।

**નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુતકર્મણે ।**
**રૂપનામવિભેદેન જગત્ક્રીડતિ યો યત:।।**

પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (પાર્લા-કિશનગઢ)ના મુંબઈ યુનિવર્સિટીમાં ચાલતા વલ્લભવેદાંતના અભ્યાસક્રમ અંતર્ગત કપિલગીતા ના વર્ગ ની ઓડિયો કલીપ માં ઉપનિષદ માં જે બ્રહ્મનું લક્ષણ આપવામાં આવ્યું છે, જગત ની ઉત્પત્તિ સ્થિતિ અને લય તેને ભાગવત કેટલા વિસ્તાર થી સમજાવે છે, શ્રીમદ ભાગવતની શ્રીમહાપ્રભુજી ની દ્રષ્ટિએ સ્કીમ શું છે. તેમજ શ્રીમદ ભાગવતની થીમ(સારાંશ) શુ છે, દરેક સ્કંધોની સમજ, નિરોધ સ્કંધ ની વિગતવાર સરળ સમજ, અને તેમાં કપિલગીતા નું સ્થાન અને શ્રીવલ્લભ દ્રષ્ટિ થી કપિલગીતા નું માહાત્મ્ય, અર્જુન દેવહુતિજી અને ઉધ્ધજીની વ્યથા. તેમજ અધ્યયનાર્થીના પ્રશ્નોત્તર. તે સાંભળી મારા હાલ કેનેડા/અમેરીકા ના વસવાટ દરમ્યાન અન્ય સાંપ્રદાયિક પ્રવૃત્તિ ન થઇ સકતા સદરહુ વચનામૃતને પુસ્તકરૂપે પ્રકાશિત કરવાની મારી પ્રબળ ઈચ્છાને રોકી નથી શક્યો. જેના રૂપે આ મારો પ્રયાસ સૌ કોઈને ઉપયોગી થાય તેવી શ્રીમહાપ્રભુજીની ની પ્રેરણા અને કૃપાથી તેમજ આપશ્રી ના આશીર્વાદ થી કર્યો છે.

ગ્રંથ પ્રકાશન કાર્ય અમારી પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર રાજકોટની ટીમના સભ્યો (૧)શ્રીરમેશભાઇ પંચાસરા (૨)શ્રીપીયુષભાઇ ગોંધીયા તેમની તબિયત સતત નાદુરસ્ત રહેતી હોવા છતા સદરહુ કાર્યમાં પુરેપુરો સહયોગ આપી રહ્યા છે, જે શ્રીમહાપ્રભુજીની કૃપાથી થઇ રહ્યું છે.

તેમજ આ લેખમાં એક વર્ગનું જ વચનામૃત લીપીબધ્ધ કરેલ છે, આ વિષયને આગળ સમજવા માટે મુંબઇ યુનિવર્સિટીના અધ્યયનાર્થી માટે પ્રકાશિત પુસ્તકો કપિલગીતા ભાગ-૧, (હિન્દી આવૃતિ) (તૃતીય સ્કંધના અધ્યાય ૨૪ અને ૨૫) તેમજ કપિલગીતા ભાગ-૨ (હિન્દી આવૃતિ) (તૃતીય સ્કંધ અધ્યાય ૨૬) ની PDF ઉપલબ્ધ છે.

હાલ સદરહુ લેખ PDF અને ePub ફોર્મેટમા પ્રકાશિત કરી રહ્યા છીયે, સંજોગો અને જરુરીયાત અનુસાર પુસ્તકના રુપમા પણ પ્રકાશિત કરવા પ્રયત્ન કરીશું, દરેક વખતે પુસ્તક પ્રકાશિત થતા હોય છે ત્યારે પ્રત મર્યાદામાં પ્રકાશીત થતી હોય છે જેથી બધાને પહોંચતી નથી કરી શકતા.

તમામ પુસ્તકોની PDF પુષ્ટિ વિધ્યા એપ પર અને Pushtimarg.net પર ઉપલબ્ધ હોય છે તેમજ મોબ નંબર ૯૪૨૭૪ ૯૫૧૫૯ પર ફક્ત વોટ્સએપ મેસેજ કરી મંગાવી શકો છો

સદરહુ વચનામૃત શ્રીઆચાર્યચરણ ના ચરણાર્વિન્દ માં સમર્પિત,

ડોલોત્સવ વિ.સં.૨૦૭૮ પ્રવીણ ડઢાણીયા

# શ્રીમદ્ ભાગવત અંતર્ગત કપિલગીતાનુ માહાત્મ્ય

**ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી**

**(પાર્લા - કિશનગઢ)**

દ્વાદશ સ્કંધાત્મક જે શ્રીમદ ભાગવત છે બાર સ્કંધો વાળું તેમાં શરૂઆતના જે બે સ્કંધો છે. પ્રથમ સ્કંધ અને દ્વિતીય સ્કંધ એ ઈન્ટ્રોડકટરીય (પ્રારંભિક) સ્કંધો છે. પ્રોપર (યોગ્ય) ભાગવતની શરૂઆત તૃતીય સ્કંધથી થાય છે. અને આ જે કપિલગીતા છે તે તૃતીય સ્કંધ માં આવે છે.

શ્રીમહાપ્રભુજીની જે સિનોપ્સિસ(સારાંશ) છે શ્રીભાગવત માટેની તે એવી જાતની છે. કે ઉપનિષદમાં જે બ્રહ્મનું લક્ષણ આપવામાં આવ્યું.

**" યતોવા ઇમાની ભુતાની જાયન્તે યેન જાતાની જીવન્તિ યત્પ્રયન્તિ અભિસંવિશન્તિ તદ વિજિજ્ઞાસસ્વ તદ બ્રહ્મ ..."**

જેનાથી જગત ઉત્પન્ન થાય છે. જેનામાં જગત સ્થિત થાય છે. જેનામાં લીન થવાનું છે તે બ્રહ્મ છે. તે બ્રહ્મનું લક્ષણ ભાગવત તેને વિસ્તારથી કહે છે. દા.ત.જે ઉત્પત્તિ છે તેનો વિસ્તાર ભાગવત સર્ગ અને વિસર્ગ બે રૂપે કરે છે. જે સ્થિતિ છે તેનો વિસ્તાર ભાગવત સ્થાન, પોષણ, ઉતિ, મન્વંતર, ઇશાનુંકથા, નિરોધ રૂપે કરે છે. એટલે બ્રહ્મની જે સ્થિતિ લીલા છે. તે સ્થિતિને ભાગવત છ રીતે વર્ણવે છે.

તેમાં તેની પાછળ એક દ્રષ્ટિકોણ છે. અને એ દ્રષ્ટિકોણ એ છે કે બ્રહ્મે જયારે જગત ઉત્પન કર્યું તેના વર્ણનમાં એમ આવે છે કે **"તદૈયક્ષત બહુસ્યામ પ્રજાયેય .....**" બ્રહ્મમાં આવી એક ઈનક્લિનેસન (ઝોક) આવી કે હું એક હોવા ઉપરાંત પણ અનેક થઇ જાઉં. અને જયારે અનેક થવાની તેનામાં ઈનક્લિનેશન (ઝોક) આવી તેમાં એક વર્ણન આવે છે કે **"તત**

**સૃષ્ટ્વા તદેવાનુ પ્રાવિશાત"** બ્રહ્મમાંથી જગતનું સર્જન થયું. અને જે જગતનું સર્જન થયું અને તે સર્જન થયેલા જગતમાં ભગવાન પાછા પ્રવિષ્ટ થયા પ્રવિષ્ટ થયા એટલુંજ નહી. પરંતુ પ્રવિષ્ટ થઈને જે જુદા જુદાં નામ રૂપ કર્મ હતા એ બધાને પ્રભુએ (બ્રહ્મે) ધારણ કર્યા.

એ જે નામ રૂપ કર્મ ધારણ કર્યા તેની પ્રોસેસ(પ્રક્રિયા)થી બ્રહ્મ પરમાત્મા અને ભગવાન બન્યા બ્રહ્મ જયારે એકલા હતા ત્યારે પરમાત્મા ન હતા. કેમ પરમાત્મા ન હતો! કેમકે કોઈ આત્માના રિલેશન(સંબંધ)માં પરમાત્મા હોય. આત્માજ ન હોય તેના કરતા જુદી તો પરમાત્મા ક્યાંથી હોય? અને કોઈ ભક્ત ના રિલેશન (સંબંધ)માં ભગવાન હોય પરંતુ ભક્તતો હતાજ નહિ બ્રહ્મજ પહેલા હતા તો કોણ ભક્ત અને કોણ ભગવાન? એટલે પહેલા આત્મા બન્યા, આત્મા બનવામાં કેટલાકને જડ બનાવ્યા, કેટલાકને ચેતન બનાવ્યા, ચેતન તત્વમાં કેટલાક દેવ, દાનવ, માનવ થયા કેટલાક પશુ, પક્ષી થયા અનેક વિવિધ જીવોના રૂપ ધારણ કર્યા. જેટલા જીવોના રૂપ ધારણ કર્યા તે બધામાં અંતે પરમાત્મા પ્રવિષ્ટ થયા. પરમાત્મા બધામાં પ્રવિષ્ટ થયા, અને તેમાંથી બધા જીવો કાંઈ ભક્ત ન થયા. કોઈ જ્ઞાની થયા કોઈ ભગવાનના દ્વેષી થયા. કોઈ ભગવાનની ઉપેક્ષા કરનારા થયા, કોઈકને બ્રહ્મ પરમાત્મા ભગવાનનું જ્ઞાનજ ન થયું, પરંતુ જેને બ્રહ્મ પરમાત્મા ભગવાનનું જ્ઞાન થયું. અથવા જ્ઞાન થવા લાયક જે જીવો હતા, તે બધા ભક્ત બન્યા. અને તે ભક્ત બન્યા તેના રીલેશનમા (સંબંધમાં) બ્રહ્મ ભગવાન બન્યા, એટલે બે ભાઈઓ હોય પરંતુ ભાઈને છોકરો ન થાય ત્યાં સુધી પહેલો ભાઈ કાકા કેવી રીતે થાય? એટલે જીવો ભક્ત થયા તેના રિલેશનમાં (સંબંધ)માં બ્રહ્મ ભગવાન થયા.

ભગવાનની એકંદરે આપણે પરિભાષા કેવી રીતે કરીયે છીએ એશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય છ ગુણ જેનામાં સ્વાભાવિક હોય તે ભગવાન. ભગવાન તો સૃષ્ટિમાં થયા છે. સૃષ્ટિમાં થયેલા હોવાથી ભગવાનની

સ્થિતિલીલાનું છ રીતે વર્ણન કરે છે. એશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન વૈરાગ્ય એ રીતે, અને જે પાછળની જે **"યતોવા ઇમાની ભુતાની જાયન્તે યેન જાતાની જીવન્તિ યત્પ્રયન્તિ ....**" તો એ જે બીજીલીલા છે એમા છ રીતે વર્ણન કરે છે ભાગવત.

અને પછી જે ત્રીજીલીલા છે. એ બે રીતે છે. એક એ રીતે જીવાત્મા રહીજાય પરંતુ જગત ન રહે અને જગત રહે અને જીવાત્મા ન રહે, એટલે કાંતો જગત ભગવાનમાં લય થઇ જાય. અથવા જીવાત્મા ભગવાનમાં લય થઈ જાય. જીવાત્મા ભગવાનમાં લય થઇ જાય તો જગત રહી જાય અને જગત ભગવાનમાં લય થઇ જાય તો જીવાત્મા રહી જાય.

જગત એટલે જડ તત્વ. જડ તત્વ ભગવાનમાં લીન થઇ ગયું તેથી જીવાત્મા કેવી રીતે લીન થાય. મોબાઈલના તૂટવાથી નેટવર્ક ખતમ થાય? કોઈક વખતે નેટવર્ક ખતમ થઇ જાય અને મોબાઈલ સાબિત હોયતો. એટલે નેટવર્ક લીન થઇ ગયું અને કોઈક વખતે નેટવર્ક લીન નથી થયું અને મોબાઈલ લીન થઇ ગયો. કુવામા કે દરિયામાં પડી ગયો લીન થઇ ગયો તેથી કઇ નેટવર્ક ખતમ ન થાય ને.

એ જેમ એકબીજા ઉપર આધારિત નથી તે રીતે કોઈક વખતે જગત ખતમ થઈ જાય. જગત એટલે દ્રશ્ય જગત. તે લીન થઇ ગયું બ્રહ્મમાં પરંતુ જીવાત્મા લીન ન થયો, તે સ્થિતિ પણ સંભવે, અથવાતો દ્રષ્ટા જે જીવાત્મા છે તે કર્મ જ્ઞાન ભક્તિ વગેરે મુક્તિના સાધનોથી ભગવાનમાં લીન થઇ ગયો તે લીન થયો તેથી જગત થોડું લીન થઇ જશે! જોનારો ન રહ્યો તેથી જે દેખાય છે તે થોડું ખતમ થઇ જાય છે. દુન્યવી બાબતમાં પણ આપણે સમજી શકીયે છીએ કે આપણે ખતમ થઇ જઇયે તેથી દુનિયા ખતમ નથી થતી. ધારોકે દુનિયા ખતમ થઈ જાય તેથી આપણે ખતમ થવું જરૂરી છે. આજેતો આપણને ખબર નથી પડતી પરંતુ એવા ઘણા બધા પિક્ચરો આવ્યા છે. જેમાં દુનિયા ખતમ થઇ ગઇ અને જીવાત્માઓ બધી બીજા લોકમાં ચાલી

ગઈ, આજે મંગલમાં જવાનું અને બધા ગ્રહોમાં જવાના પ્રયત્ન શા માટે કરી રહ્યાં છે વૈજ્ઞાનિકો કેમકે જે દિવસે આ પૃથ્વી ખતમ થશે. તે દિવસે આપણી પાસે ક્યાંક જવાની ભાગવાની જગ્યાતો હોવી જોઇએ કે નહિ? એટલે પૃથ્વી ખતમ થઇ જશે પરંતુ  આપણે ખતમ નહિ થઇયે. અને પૃથ્વી રહેશે અને આપણે ખતમ થઇ જઈશું. ધારોકે એટમબૉમ્બ પડે તો આપણે ખતમ થઇ જઈશું તેથી પૃથ્વી તો ખતમ ન થાય ને?

એટલે બંને રીતે શક્ય છે. દ્રષ્ટા ખતમ થઇ જાય અને દ્રશ્ય ખતમ ન થાય. જેમ સિનેમામાં દ્રશ્ય ખતમ થઇ ગયું પરંતુ તેથી આપણે ખતમ થયા? આપણે દ્રષ્ટા તરીકે ખતમ ન થયા. ધારોકે સિનેમા આપણે જોઈ રહ્યા છીએ અને હાર્ટ એટેક આવી ગયો અને ગુજરી ગયા તો દ્રષ્ટા ખતમ થઇ ગયો પણ તેથી કાંઈ  સિનેમા ચાલતી બંધ થાય? બંને રીતે શક્ય છે હવે જ્યારે બંન્ને રીતે શક્ય છે એજ વાતને થોડી વિસ્તાર કરીને જગત અને જીવ ના એંગલ થી જોઇયે તો જગત ભગવાનમાં લીન  થઇ ગયું પરંતુ જીવ ભગવાનમાં લીન ન થયો. એક શક્યતા છે. જીવ કોઈ મુક્તિના સાધન કરીને ભગવાનમાં લીન થઇ ગયો થઇ ગયો તો થઇ ગયો તેથી કાંઈ  જગત લીન થઈ ગયું થોડું કહેવાય.

એજે છે ને **“યતોવા ઇમાની ભુતાની જાયન્તે યેન જાતાની જીવન્તિ યત્પ્રયન્તિ અભિસંવિશન્તિ.”** તેનામાં ભળી જાય છે. તેનામાં ભળનારી બે વસ્તુ હોઈ શકે. જગત અથવા જીવ? તો જગત જો ભળી જાય તો જીવ રહી જાય છે, અને જીવ ભળી જાય તો જગત રહી જાય છે. તે સ્થિતિમાં શું થાય છે, એ લીલાનું વર્ણન ભાગવતમાં બે રીતે કરવામાં આવ્યું છે. એક મુક્તિરૂપે અને એક આશ્રયરૂપે. એટલે એક અગિયારમો સ્કંધ અને એક બારમો સ્કંધ એવી ભાગવતની સ્કીમ એવી છે.

જે ત્રણ લીલાઓ બ્રહ્મની દેખાડવામાં આવી તે બ્રહ્મની ત્રણ લીલાઓનું ભાગવતમાં બે, છ, અને બે એમ છ અને ચાર દશ થઇ ગયા ને, એવી રીતે દશવીધ લીલાઓમાં વર્ણન કરવામાં આવ્યું છે.

દશવીધ લીલાઓમાં જે વર્ણન કરવામાં આવ્યું તે લીલાઓ ને જેમ ઉપનિષદમાં પણ એમ કહેવામા આવ્યું છે. કે બ્રહ્મને કોણ જાણી શકે? દરેક તો બ્રહ્મને નથી જાણી શકતા તો બ્રહ્મને જાણવાનો અધિકારી કોણ? તેનું વર્ણન પણ ઉપનિષદમાં આવે છે. અને બ્રહ્મને જાણવાનો જે અધિકારી એ કોઈપણ અધિકારી પોતાના અધિકારથી ફક્ત જાણી નથી શકતો. પરંતુ તે અધિકાર મુજબ સાધના કરે તો જાણી શકે છે. જેમ વલ્લભવેદાંત તમે ભણવા આવ્યા આપણો અભ્યાસક્રમ તમે જોશો તો જેને પણ એસ.એસ.સી. સુધી અભ્યાસ કર્યો હોય તે વલ્લભવેદાંતમાં એડમિશન લેવાનો અધિકારી છે. પરંતુ વલ્લ્ભવેદાન્તમાં એડમિશન લેવાનો અધિકાર છે. તેથી વલ્લ્ભવેદાન્તનો અભ્યાસ કરી રહ્યા છે તેમ તો ન કહી શકાય ને? અભ્યાસ કરી રહ્યો ક્યારે કહેવાય? કે વલ્લ્ભવેદાંતમાં તમે એડમિશન લો અને જ્યારે લેક્ચર ચાલતા હોય ત્યારે ઊંઘી ન જાવ. તો એ સાધનાનું અંગ છે. એક અધિકાર અને એક સાધના. તો પ્રથમ સ્કંધ આપણે ત્યાં ભાગવતના અધિકારનું વર્ણન કરે છે, અને દ્વિતીય સ્કંધ એ લીલાઓને જાણવાની સાધનાનું વર્ણન કરે છે. એટલે એક એલિજિબિલિટી (પાત્રતા) અને એક મીન્ટ, હવે આ સ્થિતિ થઇ જાય એટલે અધિકારીનો નિર્ણય થઇ જાય.

ભાગવતને જાણવા માટે ઉત્તમ અધિકારી કોણ? મધ્યમાધિકારી કોણ? અને જધન્યાધિકારી કોણ? અને એ અધિકાર મુજબ જે સાધના કરી રહ્યો છે. તેની ઉત્તમ જાતની સાધના કેવી? મધ્યમ જાતની સાધના કેવી? અને અધમ જાતની સાધના કેવી? એ ત્રણ રીતે છ રીતે પણ તેનું વર્ણન થાય અધિકાર અને સાધનનું. એ બધુ થયા પછી લીલા શરુ થાય સર્ગલીલા

વિસર્ગલીલા સ્થાનલીલા પોષણલીલા ઉતિલાલી મન્વંતરલીલા નિરોધલીલા મક્તિલીલા અને આશ્રયલીલા.

તેમાં તૃતીય સ્કંધ જે છે તે સર્ગ લીલા છે, સર્ગલીલા એટલે સૃષ્ટિની લીલા, સર્ગલીલા અને વિસર્ગલીલા નુ જે અંતર છે, મુલમા ભાગવતને માટે એમ કહેવામા આવ્યું છે ભાગવતમાં જ કે **"નિગમકલ્પતરોર ગલીતં ફલં શકમુખાદ્ અમૃતદ્રવસંયુતં પિબત ભાગવતં રસમ્ આલયં મુહુરહો રસિકા: ભુવિ ભાવુક:"** વેદરુપી એક વૃક્ષ છે, કલ્પતરુ જેવું વૃક્ષ તેમાં જે ફલ ઉગ્યુ તે ભાગવત છે. અને વૃક્ષ ઉપર ફલ ઉગે તેને પોપટ એક વખત ચાખીને ચકાશે તે શુકદેવજીએ ચાખ્યું છે. **"નિગમકલ્પતરોર ગલિતં ફલં શુકમુખાદ્ અમૃતદ્રવસંયુતં પીબત ભાગવતં રસમ્ આલયં મુહુરહો રસિકા: ભુવિ ભાવુકા:"** એવા ભાગવતનો જે રસ છે તેને તમે **આલયમ** એટલે સંપૂર્ણ રીતે પાન કરો. **મુહુરહો રસિકા: ભુવિ ભાવુકા:** જો તમે બ્રહ્મની રસાત્મીકા અનુભૂતિ લેવા માંગતા હો તો, બ્રહ્મની જ્ઞાનાત્મિક અનુભૂતિ થઇ શકે છે, બ્રહ્મની ક્રિયાત્મિકા અનુભૂતિ થઇ શકે છે, અને બ્રહ્મની રસાત્મિકા અનુભૂતિ પણ થઇ શકે છે. તો બ્રહ્મની જો રસાત્મિકા અનુભૂતિ તમારે કરવી છે! એકજ વસ્તુ છે. પરંતુ આપણે કઈ જાતની અનુભૂતિ લેવા માંગીયે છીએ એ મુદ્દો છે. બ્રહ્મની જ્ઞાનાત્મિક એટલે તટસ્થ તેમાં આપણાં ભીતર કોઈ જાતના ઇમોશન કે સેન્ટીમેંન્ટ (લાગણી ભાવના) પેદા નથી થતા અંદર તે અનુભૂતિ કરવામાં આપણને કોઈ જાતના એક્શન(ક્રિયા) કરવાની કે ઇન્ટર એક્શન મૂડમા (ક્રિયાપ્રતિક્રિયા) આપવાની જરૂરત નથી, તટસ્થ રીતે તેની અનુભૂતિ લેવી, એ પણ અનુભૂતિ થઈ શકે છે. બ્રહ્મનીજ નહી કોઈ પણ વસ્તુની.

હવેતો એવું નથી રહ્યું, જુના જમાનામાં એવી ડિસિપ્લિન (શિસ્ત) હતી કદાચ તમને તો ખ્યાલ પણ નહી હોય કે માતા-પિતા પોતાના બાળકને સાસુ સસરા સામે કે વડીલો સામે પ્યાર કરી શકતા નહીં. કેવી રીતે વર્તન

કરતા જાણે કોઇ પડોશીનો બાળક હોય. તેમને બાળકો ની અનુભૂતિ તો થતી હશે ને? કે મારું બાળક છે. પરંતુ ઇન્ટરેક્ટિવ (સક્રિય) મોડ માં એ અનુભૂતિ એલાવ (માન્ય) ન હતી અને રસાત્મિકાતો જરાપણ માન્ય ન હતી, કેમ કે વડીલોનું ઇનસલ્ટ (અપમાન) માનવામાં આવતું હતું, એટલે મા બાપ આવે તો બાળક સાથે રમત ન કરે બાળકનું કામ કરી આપે પરંતુ જેમ પ્યાર કરવું તે વડીલોનું ઇન્સલ્ટ (અપમાન) માનવામાં આવતું હતું. તો એમને પોતાના બાળકો માટે અનુભૂતિ તો થતી જ હશે કે નહીં? મારું બાળક છે. પરંતુ જ્ઞાનાત્મિકા અનુભૂતિ. હજી પણ ઘણા બધા કુટુંબમાં સાસુ સસરા સામે પતિ પત્ની એકબીજાને પ્રેમ ન દેખાડે, નહીં તો સાસુ સસરાનું ઈન્સલ્ટ (અપમાન) કહેવાય કેમ માઠું લાગતું હશે ખબર નહીં, પરણાવીતો સાસુ-સસરાએ છે ને. પરંતુ એમના સામે એકબીજાને આપણે પ્રેમ કરીએ તો સાસુ સસરાનું અપમાન થયું કહેવાય. તો પતિ-પત્ની યે કેવી રીતે રહેવા નું? જ્ઞાનાનુભૂતી એકબીજાની કે તુ મારો પતિ અને હું તારી પત્ની. આ જૂની શિસ્ત બતાવી રહ્યો છું. પછી તેમાં થોડી છૂટછાટ આવી એટલે જ્ઞાનાનુભૂતિ નહીં ક્રિયાનુભૂતિ કરી શકાય, એટલે ત્યાં સુધી નિયમ હતો કે તમે તમારા બાળકને રમાડતા હોય અને વડીલ આવી જાય તો બાળકને તુરંત ગોદી માંથી ઉતારી દેવો. ત્યાં સુધી શિસ્ત હતી, બાળકને રમાડો તો દાદા દાદી નું અપમાન થઈ ગયું કહેવાય. દાદા દાદી તમારી સામે બાળકને રમાડી શકે પરંતુ તમે એમની સામે ન રમાડી શકો, પતિ પત્નીની તો વાત ન થાય એ તો આજે પણ અપમાન કહેવાય છે. પતિ પત્નીએ તો તેમની ગેરહાજરી માં જ બાળકને રમાડવાનું, યુરોપ અમેરિકા અપમાન નથી કહેવાતું, આપણે ત્યાં ભારતમાં હજી પણ અપમાન કહેવાય.

કહેવાનો મતલબ શું કે એકબીજાના સંબંધોની અનુભૂતિ પણ જ્ઞાનાત્મિકા પણ થઈ શકે છે. ક્રિયાત્મિકા પણ થઈ શકે છે. અને સ્નેહાત્મિકા પણ થઈ શકે છે. તમે કદાચ યુરોપની વિવાહની ફિલ્મ જોઈ

હોય તો તેમના વિવાહના સંસ્કાર વિધિમાં પતિ પત્નિ પરણ્યા પછી એકબીજાને કીસ કરે છે. ચર્ચમાં હો! આપણે ત્યાં એવી રીતે હસ્ત મેળાપમાં કોઈ કીસ કરી લે તો ડાટ વળી જાય. આપણે ત્યાં માન્ય નથી હસ્ત મેલાપ સુધી છૂટ છે. ઇન્ટર એક્ટિવ (આંતરક્રિયા) ક્રિયા અનુભૂતિ સાચી પણ સ્નેહાત્મક અનુભૂતિ વિવાહમાં માન્ય નથી.

તેમ બ્રહ્મની પણ દરેક જાતની અનુભૂતિ થઈ શકે છે. જ્ઞાનાત્મિકા અનુભૂતિ, ક્રિયાત્મિકા અનુભૂતિ, અને સ્નેહાત્મિકા  અનુભૂતિ. બ્રહ્મની સ્નેહાત્મિકા અનુભૂતિ કરવી હોય જ્ઞાનાત્મિકા અનુભૂતિ કરવી હોય તો તમારે ઉપનિષદ સમજવું જોઈએ, તેથી તમને બ્રહ્મની જ્ઞાનાત્મિકા અનુભૂતિ થશે તેમાં તમને સ્નેહ કરવું એલાવડ (માન્ય) નથી. બ્રહ્મની કર્માત્મિકા અનુભૂતિ તમારે કરવી હોય તો વેદનો પૂર્વકાંડ તમારે ભણવો જોઈએ, અને તે મુજબ વ્યવહાર કરવો જોઈએ. તો તમને બ્રહ્મની ક્રિયાત્મિકા અનુભૂતિ થાય. બ્રહ્મની જો રસાત્મિકા અનુભૂતિ કરવી હોય તો ભાગવત જ એક ગ્રંથ છે. તેથી એમ કહેવામાં આવે છે, "**પિબત ભાગવતં રસમ્ આલયં મુહુરહો રસિકા: ભુવિ ભાવુકા:**" જો તમે રસિક હો? એટલે પહેલી એલિજિબિલીટી (પાત્રતા) તો રસિક હોવાની છે, અરસિક હો તો ભાગવતને વાંચવાની ધાંધલ કરવાની જ નહીં, સંસ્કૃતમાં બહુ મજેદાર શ્લોક છે, "**ઇતરતાપ સતાની નીજેચ્છયા વિતર તાની સહે ચતુરા નન અરસિકેસુ કવિત્વ નિવેદનમ શિરસી માલીખ માલીખ માલીખ**" કવિ બિચારો કહી રહ્યો છે. કે **ઈતરતાપ સતાની નીજેચ્છયા**, સો જાતની મને તકલીફ માન્ય છે. તકલીફ આપવી હોય તો આપજે બ્રહ્માજી, વિતર ડીસ્ટ્રીબ્યુટ (આપ) કર મને હુ મારા જોલામા એ તકલીફોને જીલવા તૈયાર છું. **વિતર તાની સહે ચતુરાનન** એ બધું સહન કરીશ. પરંતુ કોઈ અરસિકની સામે મારે કવિતા કહેવી પડે એવી તકલીફ મને નહી આપતો. **અરસિકેસુ કવિત્વ નિવેદનમ શિરસી માલીખ માલીખ માલીખ** મારા

કપાળ પર એવું ભવિષ્ય કોઈ દિવસ તુ લખી નહીં દેતો કે જ્યાં કવિતા વાંચસે તું  ત્યાં કવિતાનો કોઇ રસિકજ નહી હોય. એનાથી મોટો શ્રાપ દુનિયામા કોઈ નથી.

પહેલો ભાગવત વાંચવાનો અધિકાર, બીજા બધા અધિકાર જે હશે તે હશે પરંતુ રસિકતા એ પહેલો અધિકાર છે, **પીબત ભાગવતમ્ રસમ્ આલયં મૂહુરહો રસિકા: ભૂવિ ભાવુકા:,** કેમકે ભાગવતમાં બ્રહ્મનું જ્ઞાનાત્મક વર્ણન કે ક્રિયાત્મકજ વર્ણન પૂરતું વર્ણન નથી, રસાત્મક વર્ણન પણ છે. અને તે રસાત્મક વર્ણનોથી ત્યાં જે જગતની ઉત્પત્તિની વાત કહેવામાં આવી છે બ્રહ્મથી તે ફક્ત ઉત્પત્તિની રીતે કહેવામાં આવી છે.

**સર્ગ-વિસર્ગ:**

ભાગવત તેને બે રીતે ડિવાઇડ વિભાજિત કરે છે. પહેલો ક્રમ એવો છે કે ભગવાને જગતને ઉત્પન્ન કરવા માટે તેના રો-મટીરીયલ (કાચો માલ) રૂપે શું શું પેદા કર્યું? તો જે રો-મટીરીયલ રૂપે પેદા કર્યું તે સર્ગલીલા, પહેલા જે પણ વસ્તુ પેદા કરવી હોય તેનુ રો મટીરીયલ (કાચોમાલ) ક્યાંકથી પેદા કરવો પડે અથવા ખરીદવો પડે પછી તે રો મટીરીયલ (કાચોમાલ) માથી ફાઈન બને. તેનું મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદન) થાય જેમ કપાસ માંથી સુત બનાવો તો કપાસ રો મટીરીયલ (કાચોમાલ) થયો, સુત તેનો ફાઈન મટીરીયલ થયો, પેટ્રોલ કાઢવા તમે ડીઝલ ને રિફાઇન કર્યું તો પેટ્રોલ થયું તે (રીફાઈનમેન્ટ) શુધ્ધિકરણ કરવામાં પણ ક્રીએશન (સર્જન) નો એક ભાગ છે ને? રો-મટીરીયલ, હીરાની ખાણમાથી આપણે હીરા કાઢ્યા હીરા કાઢ્યા એતો રો-મટીરીયલ થયું તેમાથી પથ્થરનો અંશ કાઢીને ફાઇન હીરા બનાવવાનું પણ કામ કરવું પડશે નહીતો પથ્થર કાઢવાનો મતલબ શુ! સોનાની ખાણ માંથી સોનુ કાઢ્યું તે તો પથ્થર સાથે હશે તેમાંથી પથ્થરનો અંશ કાઢીને પછી રિફાઇન કરીને સોનુ બનાવવું તો પથ્થર કાઢવું એ સર્ગ અને તેમાંથી સોનુ બનાવવું કે હીરા બનાવવું  કે કપાસ માંથી સુત બનાવવું

તે વિસર્ગ એટલે  રોમટીરિયલ (કાચો માલ) અને ફાઈનલ પ્રોડક્ટ (અંતિમ ઉત્પાદન) તેને સર્ગ અને વિસર્ગ કહેવામાં આવે છે,

**સ્થાન**

વિસર્ગ થઇ ગયો પછી પ્લેસમેન્ટ (સ્થાન) આવે. તમે પણ કોઈ માલનું ઉત્પાદન કરી દીધુ પછી તેનું પ્લેસમેન્ટ (સ્થાન)આવે કે નહીં? કે માલ ક્યાં મોકલવો. સામાન્ય રીતે ઉધોગમાં કેવી રીતે હોય, કોઈપણ ઉત્પાદન થયું તો તેને પહેલા રીટેઇલમાં (છૂટક) આપવામાં નથી આવતો. હોલસેલ (જથ્થાબંધ) માર્કેટમાં મોકલવામાં આવે પછી હોલસેલ (જથ્થાબંધ) માંથી રીટેઇલ (છૂટક) માં જાય. તેનું પ્લેસમેન્ટ સ્થાન તો વિચારવું પડે કે નહીં? એ વિસર્ગ પછી સ્થાન.

**પોષણ:**

પોષણ એટલે જાળવણી પણ થવી જોઈયે. પછી જે વસ્તુનું ઉત્પાદન થયું તેનું તે રીતે પોષણ જાળવણી કરો તો એ માલ કામનો. ઉત્પાદિત કરેલો માલ જે રીતે સાચવવો જોઈએ તે રીતે સાચવ્યો નહિ. જેમ કોઈ દવા લીધી તેમાં લખ્યું હોય છે કે તેને બહુ અજવાળામાં કે ગરમીમાં કે તડકામાં રાખવી નહી નહીતો દવાની અસર ઊડી જાય તેનું સ્થાન તો તમારે નક્કી કરવું પડે ને. ધારોકે ટોપી બનાવી હોય તો તેનું સ્થાન માથુ છે. જૂતા બનાવ્યા હોય તેનું સ્થાન પગ છે. સ્થાન નક્કી ન થાય તો બનાવેલ માલ નો કોઇ હેતુ સર ન થાય, સ્થાન પછી પોષણ અને જે વસ્તુને તમે જેવી રીતે વાપરો પોષણની રીતે. તો તે તેનું પોષણ થયું.

**ઉતિ**:

વસ્તુ ને પોષણ ની રીતે વાપરવાથી તે વસ્તુમાં એક જાતની વાસના આવે. વાસના નો મતલબ આપણે ખરાબ રીતે સમજીએ છીયે વાસનાનો મતલબ ખરાબ વસ્તુ નથી બોલચાલમાં વાસના ખરાબ વસ્તુ કહેવાય. વાસનાનો મતલબ શું? કે તમારા કબાટ માં તમે ફિનાઇલ ગોળી રાખી હોય

તો તમારા કપડામાં ફિનાઇલ ની ગંધ આવશે. કપૂર રાખ્યું હસે તો કપૂરની ગંધ આવશે. તેનામાં વાસના આવી ગઈ જેની સાથે રાખો તેની તેનામાં વાસના આવી ગઈ કહેવાય. ગુજરાતીમાં વાસ આવી ગઈ કહેવાય. તેને વાસના કહેવાય. જે વસ્તુને જે રીતે જ્યાં રાખો ત્યાં તેની વાસના પ્રસક્ત થઈ જતી હોય છે. સ્થાન, પોષણ, ઉતિ ઉતયકર્મવાસના ઉતિ એટલે કર્મની વાસનાઓ જેનાથી જે કર્મ લેવામાં આવે તેનામાં તે કર્મ ની વાસના પેદા થાય. સરળ ઉદાહરણ થી સમજવું હોય સમજી શકાશે કે ભગવાને આપણને હાથ પગ બંને આપ્યા છે. પણ કેટલાક લોકોના હાથ નથી હોતા તે પગ ને પણ હાથ તરીકે વાપરતા થઈ જાય છે. પગથી પેન્ટિંગ બનાવનારાઓ છે. અભ્યાસ પછી લોકો પગથી ચમચા વડે જમે પણ ખરા યુટ્યુબ પર આવી ક્લિપ આવે છે. હાથ નથી પગથી રસોઈ પણ બનાવે ચમચાથી જમે પણ ખરા બંને કામ કરે ને પગથી તો પગમાં બંને જાતની વાસના આવી જાય. કોઈ ચીજને પકડવાની હોયને તે લોકો પગથી પકડે પક્ષીઓ ને કોઈ ચીજ પકડવી હોય તો શેનાથી પકડે? ચાંચથી કે પગથી પણ પકડે કેમકે પગને હાથ અને પગ બંને રીતે વાપરતા હોય છે. આપણે પગને પગ તરીકે અને હાથને હાથ તરીકે વાપરતા હોઇએ છીએ.

જે રીતે કર્મ કરો તેવી જાતની વાસના અંગોમાં પણ પેદા થતી હોયછે. જેમ આંધળા હોય તેમ આંખથી વાંચવાનુ ન હોય બ્રેઈન લીપીથી વાંચતા હોય છે. તો આંગળીમાં વાંચવાની વાસના આવી જતી હોય છે. ઇન્દ્રિય શેની છે એ વસ્તુ નહિ જે કર્મ કરી રહ્યા છો તેવી જાતની વાસના ઇન્દ્રિયો માં પેદા થતી હોય છે. ઇન્દ્રિયોમાં જેવી રીતે પેદા થાય છે તેવી રીતે આપણામાં પણ પેદા થાય છે. દા.ત.જે ઔધોગિક ઉત્પાદનની લાઈનમાં રહેતા હોય ત્યાં સતત ધડ ધડ ધડ થતુ હોય તેમને ઊંચેથી મોટા આવજે બોલવાની વાસના થઈ જાય કેમકે તેને ઊંચેથી મોટા અવાજે બોલવાનું હોય. ઘોંઘાટ એટલો હોય કે હળવેથી બોલેતો સામેવાળો સાંભળી જ ન શકે. ગામડાઓ

માં પણ તમે જોસો તો તે લોકો ને ખેતરના આછેડેથી બીજા છેડે બોલાવવાના હોય રાડો પાડીનેજ બોલાવે એ વખતે જે વાસના થઈ ગઈ પછી અહિયા આવીને પણ એવીજ રીતે રાડો પાડીનેજ બોલાવે. તમારું નામ લે તો સીધું રમેશભાઈ ન કહે પરંતુ એ....રમેશ......ભાઈ......અરેભાઈ આટલા બધા રાગળા કેમ તાણો છો વાસના થઈ ગઇ, તેમ વાસના જુદી જુદી થઈ જતી હોય છે. જે જાતના કર્મ આપણે કરતા હોઈએ તે જાતની વાસના આપણી થઈ જતી હોય છે. તે વાસના માં કેટલીક વાસના સારી હોય કેટલીક સારી ન હોય. કેટલીક વાસનાઓ તટસ્થ હોય, જે સારી પણ ન હોય અને ખરાબ પણ ન હોય, તો એ વાસનાઓ માં કેટલીક સદ હોય કેટલીક અસદ હોય, તેની સદ અસદતા જે છે એ બાય ડીફોલ્ટ (મૂળભૂત) નથી હોતી કોન્ટેકટ (સંદર્ભ) માં હોય છે.

**મનવંતર**:

સારી વાસના ને કારણે ધર્મ આવે છે જો કે સ્થિતિનો જ એક ભાગ છે. અને આઠમા સ્કંધ મન્વન્તર લીલાનો વિષય છે. હવે ધર્મનો આગળનો વિષય છે ભક્તિ, ધર્મ હશે તો જ તો ભક્તિ જાગૃત થશે. તે અધર્મથી તો જાગૃત નહી થાય.

**ઇશાનુકથા**:

સ્થાનમ, પોષણમ, ઉતય, મનવન્તર, અને સદવાસનામાં પછી ભક્તિ ઈશાનુંકથા, ઈશાનુકથા એટલે **ઈશષ્ય અનુગામીનામચ કથા ઇશાનુકથા,** ભગવાન અને ભગવાનના ભક્તોની જે કથા. સદ વાસના જ્યારે થઈ ગઈ તેમાં ભક્તિ એક સદ વાસના છે. ભગવાનની કથામાં સદ વાસનાને ભગવાને કેવો રિસ્પોન્સ (પ્રતિભાવ) આપ્યો અને સદ વાસનાથી ભક્તોએ ભગવાનને કેવો રિસ્પોન્સ (પ્રતિભાવ) આપ્યો તેની જે કથા તે નવમા સ્કંધમાં કહેવામાં આવી છે. તેથી નવમા સ્કંધ ને આપણે ત્યાં ભક્તિ સ્કંધ

કહેવામાં આવે છે. અને ભક્તિ જ્યારે થઇ ગઇ ત્યારે ભગવાન પ્રકટ થાય એ દશમ સ્કંધની લીલા.

**નિરોધ**:

ભક્તિ થયા પછી ભગવાન પ્રકટ થાય. એ મે તમને પહેલેથી બતાવ્યું કે ભગવાનને પ્રકટ થવા માટે ભક્ત ની જરૂરત છે. અને ભક્ત એ તો અધિકારી છે પરંતુ સાધન તો તેનું ભક્તિ છે. તો ભક્તિ કરેતો ભગવાન પ્રકટ થાય ભક્ત પણ ભક્તિ ન કરેતો ભગવાન પ્રકટ ન થાય, તો ભક્તિ પછી ભગવાન જે પ્રકટ થાય છે. તે દશમસ્કંધમા શ્રીકૃષ્ણ ના પ્રાકટ્ય તરીકે વર્ણવામાં આવી છે. અને એ જે શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય વર્ણવવામાં આવ્યું છે તેને કારણે એ સ્કંધની લીલાનું નામ નિરોધ સ્કંધ છે.

નિરોધ સ્કંધ એટલે શું? કે ભગવાન સૌથી પહેલા પોતાનો નિરોધ કરે છે. નિરોધ એટલે શું? પોતાને કોઈ જાતમાં કન્ફાઈન (સીમિત) કરવું. કોઈ કામ માટે પોતાને એંગેજ (રોકવું) કરવું, કન્ફાઈન (સીમિત) કરવો. જે કામ માટે તમે પોતાને કન્ફાઈન(સીમિત) કે અંગેજ (રોકવું) કરો તેમાં તમારો નિરોધ થયો. ભગવાન સૌથી પહેલા ભક્તોમાં પોતાને કન્ફાઇન (સીમિત) કરે છે.

એટલે ભગવાન એવું સ્વરૂપ ધારણ કરે કે જેમાં ભક્તોના એન્ગલનો વિચાર હોય. ભક્તને જેવું ગમતું હોય તેવું રૂપ ધારણ કરે ભગવાન તો ભગવાને પોતાનો નિરોધ કર્યો. એ જે ભગવાને નિરોધ કર્યો એ નિરોધ ને કારણે જીવ પછી ભગવાનમાં નિરુધ્ધ થઇ જાય બધાને ભૂલીને તો સાધન નિરોધ અને ફલ નિરોધ. ભગવાન જીવને અનુરૂપ પોતાને કન્ફાઈન (સીમિત) કરે કે મારે ગામની પંચાયત નથી તને ગમે તેવી રીતે હું પ્રકટ થાઉં છુ, જેમ વસુદેવજી દેવકીજીને મનુષ્ય રૂપે ભગવાન જોઈતા હતા. તો ભગવાન તો ચતુર્ભૂજ રૂપે પ્રગટયાં પરંતુ વસુદેવજી અને દેવકીજી ને મનુષ્ય રૂપે ભગવાન જોઈતા હતા. એટલે ભગવાને તુરંત મનુષ્ય બાળકનું રૂપ

ધારણ કર્યું, એ ભગવાનનો નિરોધ. પોતાને કન્ફાઈન (સીમિત) કર્યા, તેમની પાસે દશ વિકલ્પ છે પોતાના રૂપ પ્રગટ કરવાના, દશ તો મે ઓછા ગણાવ્યા ભગવાનના અવતારો તો અનંત છે. અનંત અવતારો માં અનંત રૂપો ભગવાન પાસે પોશીબલ(શક્ય) છે. અનંત નામ શક્ય છે. અનંત જાતની તેમની લીલાઓ શક્ય છે. તેમાંથી કોઈક એક સ્પેસિફિક (ચોક્કસ) નામ રૂપ કર્મ ભગવાન જ્યારે ઓપ્ટ (પસંદ) કરે છે. તે ભગવાન પોતાનો નિરોધ કરે છે કે ભાઈ ગામની ખટ પટ નહિ.

એ ભગવાનનો નિરોધ થવાથી પછી ભક્ત નિરુધ્દ્ થાય છે. કેમકે ભક્ત પોતાની રીતેતો ભગવાનનો થઈ શકતો નથી, ભગવાનને લાયક થવા માટે ભક્ત ને તો હિમાલય ચઢવું પડે, પરંતુ ભક્તને અનુરૂપ થવામાં ભગવાનને કશું જોર પડતું નથી એમની પાસે પોસીબિલિટી (શક્યતા) અને સામર્થ્ય છે. પૂટેન્શીયાલીટી (સંભવિતતા) છે. કે ભક્ત જેવું માંગતો હોય તેવું પ્રભુ રૂપ ધારણ કરી શકે. ભગવાન પોતે નિરોધ કરે પોતાને તો જીવ ભગવાનમાં નિરુધ્દ્ થઈ જાય, એટલે ગોવાળીયાઓમાં ભગવાન ગોવાળ થઈ શકતા હોય રાજાઓમાં રાજા થઈ શકતા હોય, જે જેવો તેના સર્કલમાં તેવા થઇ શકતા હોય તો તેનું ધ્યાન તેના ઉપર જાય જે જેવો તેના જેવા ન થાય તો તે ધ્યાનમાં ન આવે.

સંસ્કૃતમાં એક કહેવાય છે. મૃગા મૃગે સંગ મન વૃજંતી હરણ હરણના ટોળામાં રહે, ગાવોસચ્ ગૌભી ગાય ગાયના ટોળામાં રહે તુરંગા તુરંગે ઘોડા ઘોડાના ટોળામાં રહે મૂર્ખાસચ્ મૂર્ખે મૂરખા ઓને મૂરખાઓનું ટોળું ગમતું હોય સુધિયો સુધિભી સમજદાર ને સમજદારો નું ટોળું ગમતું હોય, સમાનશીલ વ્યશને શું સખ્યમ શીલ જ્યાં સમાન હોય ત્યાં સખ્ય થાય. શીલ સમાન ન હોય તો સખ્ય ન થાય. તો એ પ્રભુ આપણી સાથે સખ્ય કરવા માટે સુશીલ થઈ જાય છે. આપણુ તો ભગવાન જેવું શીલ થવું મુશ્કેલ છે તેથી ભગવાન સુશીલ થઈ જાય છે. તમારા જેવો હું થઈ જઈશ. એટલે

ગોવાળીયાઓમાં ગોવાળ જેવા, રાજાઓમાં રાજા જેવા, ગુરુ પાસે શિષ્ય જેવા, દોસ્ત પાસે દોસ્ત જેવા, એ ભગવાન પોતાનો નિરોધ કરે છે. તેથી જે જીવ છે તે ભગવાનમાં નિરુધ્દ્ થાય છે. એ નિરોધ લીલા તે ને શ્રીમહાપ્રભુજીએ ડીફાઈન (વ્યાખ્યયિત) કરે છે. પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાશક્તિ પ્રપંચ ને ભૂલીને પછી જીવ ભગવાનમાં આસક્ત થઈ જાય કેમકે ભગવાન આપણા જેવા થઈ ગયા.

આપણે ત્યા વાર્તામાં બહુ સુંદર પ્રસંગ આાવે છે, કે ડોકરીએ શ્રીબાલકૃષ્ણલાલજી ના દર્શન કર્યા ન હતા શ્રીમદનમોહનજી ના દર્શન કર્યા હતા. તેને થયું કે આ ઠાકોરજી ઠંડીમાં સીકડી ગયા એવા ઠાકોરજી કેવા? તેલ માલીશ કરી કરીને શ્રીમદનમોહનજી બનાવી દીધા. તો તેલ માલીશ કરી કરીને મદનમોહનજી બનાવી દીધા એ ભગવાનનો નિરોધ. ન બન્યા હોત તો નિરોધ ન કહેવાત. શ્રીમથુરાધીશજી બહુ લાંબા પ્રકટ થયા શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી કે આટલા મોટા સ્વરૂપની સેવા કોણ કરશે? નાના થાવ નાના થાવ, શ્રીમહાપ્રભુજીના ખોળામાં બીરાજે એટલા નાના થયા પછી શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે હવે સેવા કરવા લાયક થયા આપ, તે શુ છે? ભગવાનનો નિરોધ.

ભગવાનનો નિરોધ થાયતો પદ્મનાભદાસજીનો નિરોધ થાય. ભગવાનનો નિરોધ ન થયો હોત તો પદ્મનાભદાસજીનો નિરોધ કેવી રીતે થાત? ભગવાન વિરાટ રુપ લઇને આપણી સામે પ્રકટ થાય તો આપણે ભજન કરીશું કે ભાગીશું? હજાર હાથ હજાર માથા વિકરાળ દાંતમાં બધાના મસ્તકો ચવાતા હોય એવું રુપ ધારણ કરે તો કોણ સેવા કરે? હશે ભગવાન પણ સેવા કોણ કરે? ભક્તની ભાવના અનુરુપ ભગવાન પ્રગટ થાય તો ભક્તનો નિરોધ થાય, અને ભક્તનો નિરોધ થાય તો ભક્ત ભગવાન તરફ વળી શકે, પછી મુક્તિ રુપે વળે કે આશ્રયભવાપતિ તરીકે વળે એ આખી દશમ સ્કંધની થીમ છે.

**મુક્તિ**:

તેના પછી આવે છે મુક્તિ, આપણે જગતમાં સ્થિત છીયે અને ત્યાંથી બ્રહ્મની તરફ આગળ વધીએ તેનું નામ મુક્તિ ત્યાં ફકત બ્રહ્મની તરફ આગળ વધવું એટલુજ કહ્યું છે, પરંતુ ભાગવત માં તેના છ પ્રકાર છે - સાલોકય, સામીપ્ય, સારૂપ્ય, સાર્ષ્ટિ, એકત્વ, સાયુજ્ય, કેમકે અહીંયા ભગવદ્ લીલામાં રૂપમાં તેનું વર્ણન કરવું છે. બ્રહ્મમાં મુક્તિ કેવી રીતે થશે અને ભગવાનમાં મુક્તિ કેવા પ્રકારે થશે! ભગવાન તો છ ગુણવાળા છે એટલા માટે છ પ્રકારથી મુક્તિ થઈ શકે છે, સાલોક્ય એટલે તેના લોકમાં, સામીપ્ય એટલે તેના સમીપ, સારુપ્ય એટલે તેના જેવું રૂપ, સાર્ષ્ટિ એટલે તેનું અને આપણુ ઐશ્વર્ય એક સરખું થઈ જાય, એકત્વ એટલે તે અને આપણે એક થઈ જઇયે, સાયુજ્ય એટલે તેનામાં મળી જવું, જુઓ સાયુજ્ય અને એકત્વ માં થોડોક તફાવત છે, જેમ પનડુબ્બી સમુદ્રમાં ડૂબીને પણ પોતાનું અલગ અસ્તિત્વ રાખે છે, આ સાયુજ્ય છે, પરંતુ નદી સમુદ્રમાં મળી ને પણ સમુદ્રનું રૂપ લઈ લે છે. આ એકત્વ છે, એવી રીતે જુદા જુદા પ્રકાર મુક્તિના ભાગવત માં વર્ણિત છે.

**આશ્રય**:

તેના પછી આવે છે આશ્રયભાવાપતિ. બધાનું તેમાં લીન થવું. જેને પ્રલય પણ કહેવાય છે. જે કાંઈ તેમાંથી ઉત્પન્ન થયું છે તે ફરી તેમાં લીન થઈ જાય છે. ઉપનિષદમાં તેનું ફકત આશ્રયભાવાપતિ ના રૂપમાં વર્ણન થયું છે. પરંતુ ભાગવતમાં તેનું પાંચ પ્રકારે વર્ણન છે. આમ ભાગવત દરેક વસ્તુને ભગવાનના એન્ગલ થી જોવે છે. તે વાતને ઉપનિષદ બ્રહ્મના એન્ગલથી જોવે છે. વસ્તુ તેની તેજ છે પરંતુ આપ ક્યાં એન્ગલથી જોઈ રહ્યા છો તેના ઉપર નિર્ભર કરે છે. જેમ આપ જમીન ઉપર છો તો આપને પહાડની ઊંચાઇ, ખાડાઓ ની ઊંડાઈ બધું દેખાશે. પરંતુ જ્યારે તમે હવાઈ યાત્રા કરો ત્યારે બધું સપાટ દેખાય છે. આ ઉચા અને નીચા નો ભેદ પ્લેન પરથી

નથી દેખાતો. વધુ ઉપર જઇયે તો કંઈપણ દેખાતું નથી, ફકત પૃથ્વી જ દેખાશે. પૃથ્વી ની વસ્તુઓ નથી બદલતી પરંતુ આપનો જોવાનો દ્રષ્ટકોણ બદલાઈ જાય છે. તેવી જ રીતે ઉપનિષદ ના એન્ગલથી બ્રાહ્મીક દૃષ્ટિ મળે છે. અને ભાગવતના એન્ગલથી જોવાથી ભગવદ્ દૃષ્ટિ મળે છે. આમ ઉપનિષદ માં વર્ણિત ઉત્પતિ, સ્થિતિ, અને લય ભાગવતમાં દસ પ્રકારે વર્ણિત કરવામાં આવ્યા છે. ત્રીજા સ્કંધ થી લઈને બારમા સ્કંધ સુધી. પહેલો અને બીજો સ્કંધ અધિકાર અને સાધનનો છે. આમ બાર સ્કંધ છે. તેમાંથી તૃતિય સ્કંધ સર્ગલીલા છે. તેના એક વિષયનું ચિંતન આપણે અહીંયા કરીશું. સંપૂર્ણ ભાગવત નો અર્થ **"શ્રીકૃષ્ણં પરમાનંદમ્ દશલીલાયુતમ્ સદા, સર્વભક્ત સમુધ્ધારે વિસ્ફુરન્તમ પરં નુમ:"** આ ભાગવત શાસ્ત્ર નો પૂરો વિષય છે. આ રીતે ભાગવતની થીમ થઈ 'શ્રીકૃષ્ણ' અને તે કૃષ્ણ કેવા જે દશલીલા યુત છે. તે દશલીલા સુખ - દુ:ખરૂપ ન હોય ને પરમાનંદરૂપ છે.

એમા જે તૃતીય સ્કંધ છે એ સર્ગ લીલા છે. સર્ગલીલા ને આપણે લીલા શા માટે કહીયે છીયે? કોઇપણ ક્રિએશન (સર્જન) લીલા કેવીરીતે હોઇ શકે? ક્રીએશન (સર્જન) તો સીરીયસ (ગંભીર) કામ છે. પરંતુ ક્રિએશન (સર્જન) લીલા છે. તેનું પ્રમાણ તૃતીય સ્કંધમાં કેવી રીતે આપવામા આવ્યું છે? કે તૃતીય સ્કંધને બે રીતે ડીવાઇડ (ભાગ) કરવામાં આવ્યા છે. બંધલીલા અને મુક્તિલીલા, બધસૃષ્ટિ અને મુક્તસૃષ્ટિ, મોટાભાગના ભગવાનની ઉત્પત્તિ સ્થિતિ લય ના વર્ણન કરનારા શાસ્ત્રોમાં સૃષ્ટિની ઉત્પત્તિ ને બંધન તરીકે જ લઈ રહ્યા છે. સૃષ્ટિની ઉત્પત્તિમાં મુક્તિને કોઇકે સ્વીકાર કર્યો હોયને સબ્જેકટ મેટર (વિષય અનુંસાર) તરીકે તો ભાગવતે.

જેમ તમે બાઇબલ જોઇશોને તો ઉત્પતિ સ્વર્ગથી અધ:પાત રૂપે થઈ. એદમે ફલ ખાધું અને ભગવાને શ્રાપ આપ્યો કે જાવ તમે ભૂતલ પર પડો, એ બંધન રૂપે થઈ ગયો. આપણે ત્યાં ઉત્પત્તિ બંધ રૂપે પણ છે અને મુક્તિ રૂપે પણ છે. તો મુક્તિ રૂપે પણ જો ઉત્પતિ હોય તો પછી તો વાત સિધ્ધ

થઇ ગઇ ને કે સૃષ્ટિની ઉત્પત્તિ જે છે તે બહુ સિરિયસ (ગંભીર) મેટર (બાબત) નથી. એ લોકોને શું છે કે ટેન્સન થઈ જાય છે. જૈન ધર્મમાં બોધ્ધ ધર્મમાં તમે જુઓ આપણે જન્મ્યા એજ પાપ માનવામાં આવે છે.

ભાગવતની રસિક દૃષ્ટિ કેવી છે. કે આપણે જન્મ્યા એ આપણું પાપ નથી ભગવાનની લીલા છે. આપણે બંધાઇ ગયા તે આપણું પાપ નથી ભગવાનની લીલા છે. મુક્ત પણ આપણે થઈશું તો એ આપણી કોઈ સાધના નથી, એ ભગવાનની લીલા છે. હવે આ રસિકની દ્રષ્ટિ થઈ ગઈ, સર્ગ કેવી રીતે લીલા થાય છે. અહીંયાથી આપણ ને સમજ પડે.

એટલેજ રવીન્દ્ર બાબુ કહે છે કે **તુમાર લીલા હોબે પ્રાણ ભરે એ સંસારે રેતે છે તાઈ ધરે રહિવો બાંધાત તુમાર બાહુ ડોરે**, તમારી લીલા મારી સાથે ઘટિત થાવ તેથી હું પ્રાણ ધારણ કરી રહ્યો છું. એ સંસારે રેતે છે તાઈ ધરે તુમાર લીલા હોવે તારી લીલા થાય, **એ સંસારે રેતે છે તાઈ ધરે રહિવો બાંધાત તુમાર બાહુ ડોરે**, બંધન મારે જોઈયે છે. પરંતુ સેનું બંધન જોઈયે છે? કે તારા બાહુના પાસનું બંધન જોઈયે છે. રહીવો બાંધાત તુમાર બહુ ડોરે, હવે આ લીલા થઈ ગઈ કે બંધાવુ તે પણ એક લીલા છે.

તે સર્ગની લીલા આખી પ્રોસેસ ને આપણે ત્યાં કેવળ બંધન રૂપેજ નથી લેતા બંધન ને પણ આપણે લીલા રૂપે લઈએ છીએ, તે આપણો એપ્રોચ (અભિગમ) છે. તેમાં કપિલગીતા આવી છે. કપિલગીતા નું જે કંઇક માહાત્મ્ય છે તે કપિલદેવજી અને દેવહુતીજી ના એંગલ (દૃષ્ટિકોણ) થી જે મત છે તે તો આપણે ચર્ચા કરીશું, પરંતુ આપણા વલ્લભ સંપ્રદાય ની રીતે કપિલગીતા નું અનેરું માહાત્મ્ય આ છે કે શ્રીમહાપ્રભુજીની આખી મેટા ફિઝિક્સ (આધ્યાત્મશાસ્ત્ર) કપિલગીતા ઉપર બેઇજ (પાયો) છે.

ફિલોસોફી (ફિલસૂફી) માં બેઇજીક (પાયા)ની ત્રણ શાખાઓ બહુ મુખ્ય કહેવાય. ફિલોસોફી માં હો! પહેલી મેટા ફિઝિક્સ (આધ્યાત્મશાસ્ત્ર), બીજી સાયકોલોજી (મનોવિજ્ઞાન), અને ત્રીજી થીયોલોજી (ધર્મશાસ્ત્ર), મેટા

ફિઝિક્સ ને મેટા ફિઝિક્સ શા માટે કહેવામાં આવે છે. તેનું કારણ એક્સિડેન્ટલ (આકસ્મિક) કારણ છે. કેમકે એરિસ્ટોટલે બધાજ શાસ્ત્રો લખ્યા ગ્રીકમાં બધાજ વિષયો ઉપર લખાણ કર્યું, લોજીક (તર્ક) ઉપર, સાયકોલોજી (મનોવિજ્ઞાન) ઉપર, જીયોલોજી (ભૂસ્તરવિજ્ઞાન) ઉપર, બોટની (વનસ્પતિશાસ્ત્ર) ઉપર, પોલીટિક્સ (રાજકારણ) ઉપર, સોશ્યોલોજી (સમાજશાસ્ત્ર) ઉપર, બધું લખ્યા પછી ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર) લખ્યું, અને ફિઝિક્સ પછી જે ચેપ્ટર (પ્રકરણ) આવ્યું તે નું નામ મેટા ફિઝિક્સ (આધ્યાત્મશાસ્ત્ર) આપ્યું. કે ચેપ્ટર (પ્રકરણ) ફિઝિક્સ પછી આવ્યું તેનું નામ મેટા ફિઝિક્સ (આધ્યાત્મશાસ્ત્ર). હવે ફિઝિક્સ અને મોટા ફિઝિક્સનુ અંતર શુ! ફિઝિક્સ આપણે સમજી શકીયે છીયે જે મેટરનો વિચાર કરે તેનું નામ ફિઝિક્સ, માઇન્ડનો વિચાર કરે તેનું નામ સાયકોલોજી (મનોવિજ્ઞાન),

મેટર (દ્રવ્ય) ની કેટલી વેરાયટી (વિવિધતા) મેટર (દ્રવ્ય) નું કેવું ફંકશન (કાર્ય) મેટર (દ્રવ્ય) કેવીરીતે વર્તે છે. બધો વિચાર ફિઝિક્સ માં આવ્યા પછીથી જે ચેપ્ટર (પ્રકરણ) આવે છે તેનું નામ મેટા ફિઝિક્સ (આધ્યાત્મશાસ્ત્ર). મેટા એટલે તેની ઉપર તેના પછી આવતું હોય તેને મેટા કહેવાય. એથીક્સ (નીતિશાસ્ત્ર) પછી આવતું હોય તો મેટા એથીકસ ( ) કહેવાય, આપણે ત્યાં જો કે કોઈ વાપરતા નથી શબ્દ પરંતુ આપણુ જે બ્રહ્મશાસ્ત્ર છે ને એ મેટા થીયોલોજી છે. થીયોલોજી પછી જે આવતું હોય તે બ્રહ્મસશાસ્ત્ર, યુરોપમાં ત્યાં વાત સમાપ્ત થઈ જાયછે. થીયોલોજી (ધર્મશાસ્ત્ર)માં અને આપણે ત્યાં થીયોલોજી (ધર્મશાસ્ત્ર) જ્યાં સમાપ્ત થાય છે ત્યાંથી બ્રહ્મશાસ્ત્ર શરૂ થાય છે. એટલે શિકાગોના ભાષણમાં વિવેકાનંદે કહ્યું હતું કે જ્યાં વેસ્ટર્ન ફિલોસોફી (પશ્ચિમી ફિલસૂફી) ખતમ થાય છે ત્યાંથી ઇન્ડિયન ફિલોસોફી શરૂ થાય છે, ક્યાં અર્થમાં? મેટા થીયોલોજી (બ્રહ્મશાસ્ત્ર)ના અર્થમાં કેમકે તેમની ફિલોસોફી થીયોલોજી માં ગયા પછી પંચર થઈ જતી હોય છે. આગળ પછી નથી વિચારતા, આપણે ત્યાં તેનાથી

આગળ વિચારવામાં આવ્યું છે. અને તેના ઈન્ટ્રેસ્ટિંગ (રસપ્રદ) કારણ છે. તેનું મુલ કારણ શું છે.

દેવશાસ્ત્ર માનવશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર એ ત્રણેય સૃષ્ટિમાં છે. એટલે ભગવાનને પણ જ્યારે આપણે દેવ કહીએ ને તે સૃષ્ટિમાં ભગવાન દેવ છે. સૃષ્ટિનાં બિયોન (પેલી તરફ - ઉપર) ભગવાન દેવ નથી, સૃષ્ટિનાં બીયોન (અગાડી) ભગવાન બ્રહ્મ છે. એટલે ઉપનિષદ ના વર્ણન માં આવે છે. **તસ્માદવા એતસ્માદવ આત્માના સર્વે વેદા સર્વે દેવા સરવાણી ભૂતાની સમુત્પદ્યંતે**. આ બ્રહ્મ માંથીજ બધા દેવો બધા વેદો આ બધાજ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. એટલે બધા દેવો પણ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા છે. તો બ્રહ્મ દેવોથી મેટા (ઉપર) થાય કે નહિ? આપણે ત્યાં મેટા થીયોલોજીકલ (બ્રહ્મશાસ્ત્રીય) આખી આપણી ફિલોસોફી (ફિલસૂફી)છે. આપણી ફિલોસોફી (ફિલસુફી) થીયોલોજી (ધર્મશાસ્ત્ર) માં સમાપ્ત નથી થતી.

એટલે જ મુક્ત હોવું તેને આપણે દૈવી સૃષ્ટિ કહીયે છીએ. દૈવિજીવો, **દૈવી સંપત વિમોક્ષાય નિબંધાય આસુરી મતા.** ભગવાન ગીતાજી માં કહે છે કે જે દૈવી સંપત છે તે વિમોક્ષાય મોક્ષ માટે છે. અને નિબંધાય બંધન માટે  આસુરી સૃષ્ટિ છે. આપણે ત્યાં પણ જે દૈવી આસુરી બે ઉપજાવી પ્રભુ મન કરી વિચાર. તો તેમાં દૈવી અને આસુરી માં દૈવી ને દૈવી શા માટે કહેવામાં આવે છે? કેમકે **દેવા**: **મુક્તિ યોગ્યા** અથવા મુક્તા દૈવ ના બે પ્રકાર, કાંતો મુક્તિ માટે લાયકાત ધરાવે છે કાંતો મુક્ત છે. એટલે દેવતાઓની સૃષ્ટિ પણ દૈવી સૃષ્ટિ છે અને મુક્તિ યોગ્ય જે જીવો ઘડવામાં આવ્યા તેમની સૃષ્ટિ પણ દૈવી સૃષ્ટિ છે. દેવો મુક્ત છે. અને આસુરી **નિબંધાય આસુરી મતા** આસુરી સૃષ્ટિ જે છે તે બધ સૃષ્ટિ છે. હવે બધ ને માટે હોય તો પણ આસુરી અને બધજ હોય તો પણ આસુરી. એટલે જે બંધાયેલા જ રહેતા હોય તે પણ આસુરી. અને બંધાય ગયા હોય પરંતુ બંધાયેલાજ ન રહેતા હોય તે પણ આસુરી એટલે એમનું પ્રમોશન થઈ શકે

છે. એવી જાતની સૃષ્ટિ માં એક હીયરઆરકી (વંશ વેલો) ની લીલા છે. ફિલ્મમાં ઘણી વખત જોતા હશો કે કેટલાક વિલનો એવા હોય કે જેને મારી નાખવામાં આવતા હોય છે. સુધરતાં નથી. કેટલાક વિલન એવા હોય છે કે જે વિલન હોય પરંતુ સુધરી જતા હોય છે. એટલે ઘણાં બધા પિકચર ના ક્લાયમેક્ષ (પરાકાષ્ઠા) માં એવું આવતું હોય છે કે વિલન જઇને કહી દે કે લ્યો રાખડી બાંધો. એ સુધરી ગયો. એટલે બંધાયેલો હતો વિલનગીરી માં પરંતુ કલાઈમેક્ષ (પરાકાષ્ઠા) આવતા આવતા તુરંત સુધરી જાય છે. એટલે બધજ અને બંધન માટે જ, બધ હોય અને બંધન માટે ન હોય છેલ્લે રાખડી બંધાવી લેતો હોય તો તે સુધરી ગયો ને.

હવે આ જે એનાલીશિસ (વિશ્લેષણ) છે જીવોની તે કેવલ સમજવા માથી મજા લેવાની વાત છે. એટલે ફિલ્મ ના ઉદાહરણ આપુ છું. નહીતો હું પણ ગંભીર ઉદાહરણ આપી શકું છું. ફિલ્મના ઉદાહરણ એટલે માટે આપુછું કે આપણે તેને રસની દૃષ્ટિથી જોઇ શકીએ કે લીલા છે આ બધી કેવી રીતે લીલામાં કોઈકને આવું પાત્ર કોઈકને આવું પાત્ર આપવામાં આવ્યું છે. કોઈકને હીરો બનાવવામાં આવી રહ્યો છે. જુદા જુદા પાત્રોની ફાળવણી થઈ રહી છે. ડ્રામા માં.

તેમાં જે કપિલગીતા છે. તેમાં બન્નેજ મુક્ત છે, કપિલદેવજી પોતે ભગવાનનો અવતાર હોવાથી મુક્ત છે, દેવરૂપ છે, કપિલદેવ જ નામ છે, અને માં દેવહુતી છે, એટલે મુક્તિ લીલા થઈ ગઈ ને? એમનું જે એ રૂપ પ્રભુએ ધારણ કર્યું એટલે કપિલદેવજી નું રૂપ જે પ્રભુએ ધારણ કર્યું અને અને દેવહૂતીજી નું જે રૂપ ધારણ કર્યું એ મુક્તિ લીલા માટે ધારણ કર્યું છે. પણ ધારણ કર્યું એટલે સૃષ્ટિલીલા પણ મુક્તિ માટે ધારણ કર્યું એટલે લીલા થઈ ગઈ ને, બંધન માટે ધારણ કર્યું હોત કે જેવો સામાન્ય ખ્યાલ છે. તો તો કથા જુદી હતી, પરંતુ મુક્ત થઈને મુક્ત કરવા માટે જે રૂપ ધારણ કર્યું બંધાવાનું.

વિલન સુધરી ગયો કે નહિ? એક્જેટલી (બરાબર) આ ન્યાયથી કપિલગીતા છે.

કપિલગીતા નું મેટા ફિજિક્સ (આધ્યાત્મશાસ્ત્ર) જે છે તે આપણા શ્રીવલ્લભ સંપ્રદાયનો એટલે જે ફિઝિક્સ (ભૌતિશાસ્ત્ર) પછી આવતો વિચાર તે આપણો આખો કપિલગીતા ઉપર પાયો છે. આપણો આખો ભક્તિનો કન્સેપ્ટ (ખ્યાલ) એટલે એકંદરે સેવા, સિધ્ધાંત મુકતવાલી, ભક્તિવર્ધિની, સેવાફલ, આ બધાજ ગ્રંથો કપિલગીતા ઉપરથી ડીરાઈવ (મેળવેલા) થઇ રહ્યા છે, તો તમે સમજી શકો છો કે કપિલગીતાનું માહાત્મ્ય આપણા સંપ્રદાયની દૃષ્ટિથી કેટલું.

ભાગવતમાં ઘણી બધી ગીતા અને ગીતો પણ છે. ગીતા એટલે સ્ત્રીલિંગ અને ગીતમ એટલે નપુસંક લિંગ જેમ ગોપીગીતમ્ છે. વેણુગીતમ્ છે. મહીશીગીતમ્ છે ઘણાં બધાં ગીતો છે. અને ઘણી બધી ગીતાઓ પણ છે. ઉદ્ધવગીતા છે. રુદ્રગીતા છે. તેમાં ઉદ્ધવગીતા જે છે તે ભગવદ્ગીતા નો વિસ્તાર છે. જે ભગવાને અર્જુનને સમજાવી ગીતા તે ગીતા નો ફરી વિસ્તાર કરીને ભગવાને પોતાના ઉદ્ધવને પણ સંભળાવ્યો. સેઇમ (તેના જેવું) નથી પરંતુ સિમિલર (સમાન) છે. રીપીટેશન (પુનરાવર્તન) નથી, પરંતુ તે વાત ત્યાં કહેવામાં આવી છે તેના કરતાં અહીંયા વિસ્તારથી કહેવામાં આવી છે.

મે એક આના માટે ટર્મીનોલોજી (પરિભાષા) વાપરી છે. કે કથાઓ અલગ અલગ છે પરંતુ વ્યથા એકજ છે. વ્યથા બે નથી કથાઓ અલગ છે. પરંતુ બંને કથાઓની વ્યથા એકજ છે. કે ઉદ્ધવજીની વ્યથા હોય કે દેવહૂતીજી ની વ્યથા હોય કે અર્જુનની વ્યથા હોય એ ત્રણેય ગીતાઓની કથાઓ અલગ અલગ છે. પરંતુ તે ત્રણમાં વ્યથા એકજ છે. ત્રણેયની વ્યથા એકજ છે.

અર્જુનની કથા શું છે? ભગવાનને લઈ ગયો કે તમે સારથી થાવ યુદ્ધ કરવું છે. અને ત્યાં ગયા પછી તેને મુંજવણ થઈ ગઈ કે લડવું કે ન લડવું? એ

અર્જુનની વ્યથા હતી તેનાથી ભગવદ્ગીતા ની કથા માંડવામાં આવી, ઉદ્ધવજી ને પણ એજ વિચાર થઈ ગયો કેમકે ઉદ્ધવજી ભગવાનના રિલેટિવ પણ હતા જ્ઞાતિ બંધુ હતા, મિત્રપણ હતા, જેમ અર્જુન મિત્ર હતો, તેમ ઉદ્ધવજી પણ મિત્ર હતા. અને ઉદ્ધવજી માટે ભગવાન એમ કહે છે કે નોઉદ્ધવોઅપી મંડયુનો ઉદ્ધવ મારા કરતાં તસુભાર પણ અલગ નથી મારાથી. હવે જે તસુભાર પણ અલગ નથી તેને પણ પાછી વ્યથા તો કંઇક છે ને? તો ઉદ્ધવજી ની કથા અલગ છે. પરંતુ વ્યથા તેની તેજ છે. ભગવાન સાથે ક્લોજલી (નજીકથી) એસોસિયેટેડ (સહયોગી) છે. તે ભગવાનથી ભગવાનના ક્લોજ એસોસિયેશન (નજદીકના સહયોગ) પછી પણ કથાઓ ત્યાં તેવી ચાલી રહી છે. કે ભગવાનનું રૂપ તેને સમજાતું નથી કે આ કઈ જાતનું રૂપ છે. તેમ અર્જુનની કથામાં એજ છે કે અર્જુન તો ઇનલોસ (બનેવી) હતો. ઉદ્ધવ તો ઈનલો ન હતા બંને એકજ જ્ઞાતિના છે યાદવો છે. અર્જુન તો ઈનલો છે. કેમ ભગવાને પોતાની બહેન તેને પરણાવી છે. ભગવાનની ફોઈ નો દીકરો છે. મિત્ર પણ છે. તો ઘણા બધા સંબંધોને કારણે ભગવાનથી ઘણો એસોશીએટેડ (સંકળાયેલ) છે પરંતુ એ એસોસિયેશન (સંકળાયેલ) હોવા છતાં પણ અર્જુન ને ભગવાનનું સ્વરૂપ સમજાતું નથી. એ અર્જુનની વ્યથા છે. અને તે કથામાં પ્રગટ થઈ છે.

એવી રીતે દેવહુતિજી તો ભગવાનને જન્મ આપનારી માં છે. તો પણ તેને ભગવાનનું સ્વરૂપ સમજાતું નથી. આ શુ છે? આપ કઈ જાતના પુત્ર જનમ્યા છો મારે ઘરે, એટલે દેવહુતીજી પૂછે છે કે આપનું સ્વરૂપ આપ સમજવો તો કંઇક ખબર પડે. જન્મ તો આપ્યો છે મે આપને પરંતુ આપ મને સમજવો કે મે કોને જન્મ આપ્યો છે. તો મને ખબર પડે નહીતો મને કેવી રીતે ખબર પડે કે મે શું જણ્યું? એ દેવહુતીજી ની વ્યથા છે. એટલે ત્રણેય કથાઓ અલગ અલગ છે. ત્રણેય માં વ્યથા એકની એકજ છે. ક્લોસલી (નજદીક) થી ભગવાનથી એસોશિયટેડ (સંકળાયેલા) હોવા છતાં ભગવાનને

સમજી ન શક્યા, ભગવાન સમજાવે તોજ ભગવાન આપણને સમજાય. આપણી સમજથી ભગવાન આપણને સમજાતા નથી એ જે ઉપનિષદ નો સિધ્ધાંત "**નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન। યમેવૈષ વૃણુતે તેને લભ્ય તસ્યૈશ આત્મા વિવૃણુતે તનું સ્વામ્....**"

આ આત્મા પ્રવચનેન ન લભ્યો કોઈ પ્રવચન કરતું હોય આત્મા ઉપર તેથી તેને સમજાઈ જશે એવી ખોટી આશા નહી રાખો. કોઈ પ્રવચન સાંભળતો હશે બહુ **નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા** ... મેધા એટલે જે પ્રવચન સાંભળી રહ્યો છે તેને ધારણ કરવું તેનું નામ મેધા. મે તમને બતાવ્યું હતું કે જાય છે જાય છે. જાય છે એટલે કે મેધા ન હોય તો વસ્તુ જાય છે. અને મેધા હોય તો આવે છે. મેધાનો મતલબ એ કે આપણે સાંભળી લઇયે સમજી લઇયે પરંતુ સાંભળ્યા અને સમજ્યા પછી પણ જતી હોય મગજ(મન) માંથી વાત, તો મેધા ની કમી છે. અને સાંભળ્યા અને સમજ્યા પછી વાત મગજ માં ટકતી હોય તો મેધા છે. એટલે જુના જમાનામાં બાળકોને યજ્ઞો પવિત આપવામાં આવતી હતી ને તેમાં યજ્ઞોપવિત ના સંસ્કાર ને અંતર્ગત મેધાજનન સંસ્કાર થતો હતો. શા માટે? કેમકે યજ્ઞોપવિત પછી બાળકને વેદ ભણાવવામાં આવશે અને વેદ ભણાવવામાં આવશે અને વેદ ભણાવવામા આવે અને તેમાં મેધા ન હોય અને ભણાવી દયો તો પાછી વાતતો ત્યાંની ત્યાં જ રહીને? એવું કહેવાય છે.

માંગરોળના જે નવાબ સાહેબ હતા. તે નવાબના એક ઉસ્તાદ ખાં સાહેબ હતા. ગાયન ગાનારા તેમને અફીણ ખાવાની ટેવ તે ખાય તેમાં વાંધો નહિ. પરંતુ ઘોડા ને પણ અફીણ ખવડાવતા હતા. અને ખાં સાહેબ માંગરોળ થી બે ગાઉ દૂર રહેતા હતા. જ્યારે નવાબ નું તેડું આવે કે આજે જલ્સો કરવો છે આવો. અફીણ ખાધા વગર તો તેમના થી રહેવાય નહી. એટલે અફીણ ખાય લેતા. પોતે ખાય તેમાં કંઈ વાંધો નહી પરંતુ ઘોડાને પણ ખવડાવે. ઘોડાને અફીણ ખવડાવીને પછી ટટ્ટુ પર બેસીને માંગરોળ જાય.

આખીરાત ટટ્ટુ ચાલે પરંતુ માંગરોળ આવે નહી. સવારે જાગીને કહેતા આવ્યું માંગરોળ? માંગરોળ તો નથી આવ્યું. તો આખી રાત ટટ્ટુ ચાલ્યો ક્યાં? તેથી ત્યાં સૌરાષ્ટ્ર માં એક કહેવત છે કે આખી રાત ટટ્ટુ ચલા પણ માંગરોળ આયા નહી.

એવી રીતે બધો અભ્યાસ કરીએ પરંતુ માંગરોળ ન આવે. મેધા ન હોય તો ન આવે. મેધા હોયતો ટટ્ટુ ચાલેતો માંગરોળ આવી જાય મુદ્દો ખ્યાલમાં આવ્યો ને! એટલે **ન મેધયા ન બહુનાં શ્રુતેન** ઘણું સાંભળવાથી પણ પ્રભુને સમજવું અઘરું છે. પ્રભુ કોને સમજમાં આવેછે? **યમેવૈષ વૃણુતે** પ્રભુ જેનું વરણ કરે કે મારી સમજણ આને આપવી છે. તો તેને પ્રભુ સંભળાય અને સમજાય પણ જાય છે. તેનામાં મેધા પણ પ્રગટ કરી આપે છે. અને તે પ્રવચન પણ કરી શકે છે. નહીતો આ ત્રણેય વસ્તુ મેધાથી પ્રવચનથી અને સાંભળવાથી પ્રભુ સમજાતા નથી. "**નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન યમેવૈષ વૃણુતે તેને લભ્યસ્તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામ્....**" એટલે પ્રભુ જેનું વરણ કરે એ કદાચ પ્રવચન ન પણ સાંભળે કે કરે તો પણ તેને સમજાય જતું હોય છે. તેનામાં મેધા ન હોય તો પણ તેને સમજાય જતું હોય છે. અને શ્રવણ ન કર્યું હોય તો પણ તેને સમજાય જતું હોય છે, **તસ્યેશ આત્મા વિવૃણુતે તનું સ્વામ્... ,** જેનું વરણ કરે છે. તેની સામે પોતાને ઉઘાડો પાડે છે બાકીતો પોતાને ઢાંકીને જ રાખે છે. **વિવૃણુતે** એટલે પોતાનું વિવરણ, વિવરણ એટલે જે ઢાંકેલ હોય તેને ઉઘાડું પાડવું. **તસ્યેશ આત્મા વિવૃણુતે તનું સ્વામ્...** તેની સામે આ પોતાને ઉઘાડો પાડે છે. બાકીતો ઢાંકી ને રહે છે. એટલે પછી પ્રવચન કરો તો પણ નથી સમજતો. મેધા હોય તો પણ નથી સમજતો, પ્રવચન સાંભળવાથી પણ નથી સમજતો.

આજ વ્યથા સંક્ષેપ માં અર્જુનની છે. આજ વ્યથા સંક્ષેપ માં કપિલ-દેવહુતીજી ની છે. આજ વ્યથા સંક્ષેપ માં ઉદ્ધવજી ગીતા ની પણ છે.

એટલે આ ત્રણેય ગીતાઓ ની કથાઓ અલગ અલગ છે. પરંતુ વ્યથા એકજ છે. વ્યથા મે સંમજાવી દીધી તમને.

ભીક્ષુગીતા છે. ઘણી ગીતા છે. અષ્ટવક્ર ગીતા છે. પાંડવગીતા છે. શ્રુતિગીતા છે. શ્રુતિગીતા ની વ્યથા પાછી અલગ છે.

અહીંયા કપિલ-ગીતામાંથી ચોવીસ પચ્ચીસ અને છવ્વીસ અધ્યાય લેવામાં આવ્યા છે. આમાં ચોવીસમો અધ્યાય માત્ર વિષયનો પરિચય છે અને પચીસ અને છવ્વીસમા અધ્યાયમાં સિદ્ધાંતનું વર્ણન છે.

પ્રશ્ન: અનુશયન નો શું મતલબ થાય છે,

જવાબ: અનુશયન નો મતલબ કે ભગવાન પોતાની શક્તિ સાથે પ્રકટ થાય તેનું નામ અનુશયન. તેનેજ નિરોધ કહેવામાં આવે છે. પ્રભુનું પોતાની શક્તિની સાથેનુ અનુશયન તેનું નામ નિરોધ. ત્યાં શયન નો મતલબ સુવું નથી શયન નો મતલબ સ્થિતિ છે. જેમ પુરીશેતે ઇતિ પુરુષ દેહ રૂપી પૂર માં જે શયન કરતો હોય તેનું નામ પુરુષ એટલે જે અનુશયન કરતો હોય પોતાની બધી શક્તિઓ સાથે જે ક્યાંક શયન કરતો હોય ભક્તોની વચ્ચે. એટલે પોતે પ્રગટ થયો હોય પરંતુ પોતાની શક્તિ ને પ્રગટ ન કરે, શક્તિને પ્રગટ કરતો હોય પરંતુ પોતે પ્રગટ ન થાય તો પુરે પુરો નિરોધ ન થાય. કોઈક ઠેકાણે પોતાને પ્રગટ કરે છે તો શક્તિ નથી પ્રગટ કરી. કોઈક ઠેકાણે શક્તિ પ્રગટ કરી છે તો પોતે પ્રગટ નથી થયા. એટલે અવતારોમાં શક્તિ સાથે અનુશયન નથી બીજા અવતારોમાં. કૃષ્ણા અવતારમાં શું છે પ્રભુ નું શક્તિ સાથે અનુશયન છે. અનુશયન એટલે શક્તિ ને પ્રગટ કર્યા પછી પોતે પ્રગટ થયા. તેથી **નિરોધો સ્યાનુંશયનમ આત્મન: સ: શક્તિભી.** આ આત્માનું અનુશયન શક્તિઓ સાથે તેનું નામ નિરોધ.

જે દેવહૂતીજી છે. તેઓની કથા એવી છે કે તેમના પતિ તેમને છોડીને મુક્ત થવા ચાલ્યા ગયા. કપિલદેવજી પણ મુક્ત થવા માંગે છે. છોડીને જવા માંગે છે. હવે દેવહૂતીજી એ કપિલદેવજી ને ઉછેર્યા જેને અંગ્રેજી માં ઈન ગુડ

ફેઈથ (સદભાવના) કહેવામાં આવે. કેમકે દેવહૂતીજી ને વરદાન હતું કે તમારે ઘરે ભગવાન પ્રગટશે. તો ભગવાન પ્રગટ થશે એ જાણ્યા પછી. પુત્ર રૂપે ભગવાન પ્રગટ્યા, એ પુત્ર પાછા એમ કહે કે તને છોડી ને વૈરાગ્ય લેવો છે. તો વ્યથા તો પ્રકટ થાય કે ન થાય માં ને લૌકિક પુત્ર ને વ્હાલ કર્યો હોય તો સંસાર કહેવાય. પરંતુ જો ભગવાનને પણ વ્હાલ કરવું સંસાર કહેવાતો હોય. તો દેવહૂતીજી એ પ્રપોઝલ મૂક્યો કે તમે જે માટે મને છોડીને જઇ રહ્યા છો તેનું કારણ શું? આપ કોઈ સાધારણ પુત્ર નથી ભગવદ આવતાર છો. ભગવદ અવતાર હોવાથી આપને સંસારનું બંધન તો નથી અને આપનામાં પ્રીત રાખવી સંસાર બંધન હોય તો પછી પ્રીત કોનામાં રાખવી?.

તેનું માતૃત્વ એસ વેલ એસ (તેમજ) પુત્ર વાત્સલ્ય એક તેની વ્યથા છે. કે આ શું થઇ રહ્યું છે? કેમ છોડી ને જાવ છો મને, જેમ અર્જુનને શંકા થઇ ગઈ, ભઈ ભગવાન મારુ સારથી પણું કરી રહ્યા છે પરંતુ ભગવાન પોતે યુદ્ધ કરાવવા માંગે છે કે નથી કરાવવા માંગતા? અર્જુનની વ્યથા સમજવાનો પ્રયાસ કરો. દુર્યોધન અને અર્જુન બંને ભગવાન પાસે ગયા, ભગવાને ઓપ્શાન (વિકલ્પ) આપ્યું કેમકે બંને ને હું એક સાથે કેવી રીતે કરું? એટલે એક મારી સેના લઈલો અને એક મને લઈલો. દુર્યોધને સેનાએ પ્રિફર (પસંદ) કરી. અર્જુન પાસે મેન્ટલી (માનસિકરીતે) પણ અને ઓપ્શાનલી (વૈકલ્પિક રીતે) પણ બીજી કોઈ ચોઈસ (પસન્દગી)જ હતી નહિ. ભગવાનને પસંદ કરવા સિવાય, ભગવાને પાછું એ પણ કહી દીધું કે હું શસ્ત્ર નહિ ઉઠાવું. હવે સામે સેના કોની? યાદવોની, જે ભગવાને તો તેને મારવાની છે નહિ. કેમકે શસ્ત્ર તો ઉઠાવવાના નથી, તો યાદવોની સેના અર્જુને મારવી?.

ભગવાન પોતાની ઈચ્છાથી આ યુદ્ધ માંગી રહ્યાં છે? કે કોઈ જાતની આંખની શરમ કહીયે તેના કારણે મારા સારથી બની રહ્યા છે? બીજા બધા વ્યાખ્યાકારો એમ સમજે છે કે અર્જુનને કૌરવોની સેનાને જોઈને ભય લાગી ગયો. ખરેખર યુદ્ધમાં જો ભય લાગ્યો હોતતો મહાભારત પહેલા કેટલાય

યુધ્દ્ધો અર્જુને ઓલરેડી કર્યાં છે ત્યાં કેમ ભય ન લાગ્યો? અને જે કાંઇ દલીલ આપી રહ્યો છે કે યુધ્ધ કરવાથી બધા મરી જશે સ્ત્રીઓ બધી સ્વચ્છંદ થઇ જશે. અને પછી પુરુષજ નહિ હોય તો સ્ત્રીઓ જશે ક્યાં? તેનું બધું પાપ કોને લાગશે? આ બધો પાપ પુણ્ય નો વિચાર તેણે પહેલા યુધ્ધ કર્યાં તેમાં કેમ ન આવ્યો? આ પહેલી વખત તો યુધ્ધ નથી થઇ રહ્યું ઘણા યુધ્દ્ધો કર્યાં છે.

**ગાણ્ડીવ સ્રંસતે હસ્તાત્વક્ચૈવ પરિદહ્યતે । ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મન: ।।**

ગાંડીવ મારા હાથ માંથી છટકી રહ્યું છે. મારી ત્વચામાં બળતરા થઇ રહી છે. ઉભા રહેવા માટે હું મારી જાતને સમર્થ નથી માનતો, તો આ યુધ્ધ શું પહેલી વખત  થઇ રહ્યું છે? પહેલા કેમ વિચાર ના આવ્યો. એટલે મોટા ભાગના ટીકાકારો અર્જુનના પાર્ટમાં કાયરતા પણું જોવે છે. ભગવાને ગાળો પણ આપી છે.

**ક્લૈબ્યં મા સ્મ ગમ: પાર્થ નૈતત્વય્યુપપધ્યતે......**

આમ નપુંશકની જેમ શું વાત કરી રહ્યો છે? તને આ છાજતું નથી.

આ તથ્ય ઉપર શ્રીગુંસાઈજી નું ધ્યાન ગયું કે અર્જુનની સમસ્યા આ છે જ નહી. અર્જુનની સમસ્યા એ છે કે જે રીતે ભગવાન મારી તરફમાં આવ્યા છે તરફદારી કરવા માટે, મારે કારણે સારથી બન્યા છે કે ભગવાન પોતે યુધ્ધ કરાવા માંગે છે. ફોળપાળી ને કહે નહી તો કેવી રીતે પૂછવું?

બધાને પોતપોતાની મૂંઝવણ હોય તેને ઉકેલવાની ટેક્નિક હોય છે. ઘણા લોકો ઊંઘેને તેમને નશકોરા વાગતા હોય છે. કદાચ મને પણ વાગતા હશે? હું ચોક્કસ નથી કેમકે મને સંભળાતું નથી. મારા વાઈફ(પત્નિ) ની ટેક્નિક બહુ સારી. આપ સુઈ રહ્યા છો કે જાગી રહ્યા છો? એમ ન કહે કે નશકોરા વાગી રહ્યા છે. આમ પુછે એટલે આપણે જાગી જઇયે. હું જાગી ને કહું ક્યાં વાગી રહ્યા છે? એમ સીધે સીધું ન કહે પૂછવાની શૈલી અલગ અલગ હોય બધાની મુદ્દો ખ્યાલમાં આવ્યો ને તમને, તેમ અર્જુનની એક

ટેક્નિક છે. કે મને બીક લાગી રહી છે. આવા યુધ્ધ કરવા કરતા તો મરી જાવું મને સારું લાગે છે. આવા યુધ્ધ માં કોનો શું લાભ?.

એક્ચ્યુલી (ખરેખર) મુદ્દો ત્યાં સાંખ્ય કે યોગનો નથી પરંતુ જો પુણ્ય પાપનો મુદ્દો ઉઠાવતો હોય અર્જુન, તો ભગવાન સાંખ્ય યોગ નો વિચાર કરી રહ્યા છે. કે એ સાંખ્યના એંગલ થી પાપ છે કે નહિ? કર્મના એન્ગલ થી પાપ છે કે નહિ? ધર્મના એન્ગલ થી પાપ છે કે નહીં? યુધ્ધ કરવું અને અર્જુનની વ્યથા સમતી નથી. આ બધા ભગવાનને અર્જુનની વ્યથા ને શાંત કરવા માટે સમજાવ્યા પરંતુ અર્જુનની વ્યથા શાંત નથી થતી. એટલે છેવટે વિશ્વરૂપ દર્શનમાં ભગવાને ફોળપાડીને કહી દીધું કે ભઈ જાગી રહ્યો છું. નશકોરા નથી વાગી રહ્યા મારા, જોઈલે કે જે ને મારવાના છે ને તારે **મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા, નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્,....**એટલે ભગવાનની કન્સેન્ટ (સંમતિ ) અર્જુનને સમજાઇ ગઇ તેની વ્યથા ત્યારે શાંત થઇ.

ભગવાનની આમાં સંમતિ કેવી રીતે છે. ભગવાન પણ શું છે કે અર્જુન ઈન્ડાયરેક્ટ (પરોક્ષ) સવાલ કરેતો ભગવાન પણ ઇનડાયરેક્ટ (પરોક્ષ) જવાબ આપે. ડાયરેક્ટ (પ્રત્યક્ષ) સવાલ કરે નહિ તો શા માટે ડાયરેક્ટ (પ્રત્યક્ષ) જવાબ આપે. ધીમે ધીમે જેવી રીતે બસ આવતી હોય ને બીજી નાની નાની ગાડીઓ ને ઓવર ટેક કરવા માટે બસ ડ્રાઇવર દબાવતા હોય છે. તેવી રીતે કૃષ્ણ ને અર્જુન એક બીજાને પોત પોતાના ટ્રેક ઉપર દબાવી રહ્યા છે કે તમે તમારા ટ્રેક ઉપર બરાબર ચાલો. કૃષ્ણ અર્જુનને દબાવી રહયા છે ને અર્જુન કૃષ્ણને દબાવી રહ્યા છે. તમે તમારા ટ્રેક ઉપર આવો તમે કહેવા શું માંગો છો તમે અને એ વિશ્વરૂપ દર્શન જયારે થયું ત્યારે બંને પોત પોતાના સાચા ટ્રેક ઉપર આવી ગયા કે મારેતો ખાલી તિર છોડવાનું છે. મારવાતો તમે માંગો છો. ધેટ વોસ થી ટ્રુ ટ્રેક (તે સાચો રસ્તો હતો) વિચ ઇસ કોમન ટુ બોથ (તે બંને માટે સામાન્ય છે) કેમકે જ્યારે ભીડ થાયને રોડ ઉપર

ત્યારે દરેક કાર વાળો બીજી કાર ને દબાવવાનો પ્રયત્ન કરતોજ હોય છે. તમે ડ્રાઇવિંગ જોતા હસો ને તો ખ્યાલ આવતો હશે. નહીતો ઓવર ટ્રેક થઈજ ન શકે, એટલે આખી કાર ન ઘુસતી હોયતો અડધી પણ ઘુસાડે પોણી પણ ઘુસાડે પરંતુ ઘુસાડી ને રાખે દબાવવા માટે એટલે કોઈ પણ રીતે બીજાને જગ્યા કરવીજ પડે.

એમ કૃષ્ણ અર્જુનને દબાવી રહ્યા છે, તેમના ટ્રેક ઉપર ચાલવા માટે અર્જુન કૃષ્ણ ને દબાવી રહ્યો છે. સેઇમ (સમાન) વાત અહીંયા પણ સાંખ્ય યોગ ની આવી રહી છે. કેમકે ડાયરેક્ટ (સીધો) સવાલ નથી કરતા દેવહૂતિજી ભગવાનને કેવી રીતે પૂછે છે કે તમે જે કામ કરી રહ્યા છો તે ખોટું કરી રહ્યાં છો, એમતો ન પૂછી શકે, બે કારણ થી ન પૂછી શકે એક કારણ આ કે પોતે જ્ઞાની નથી, માં છે. જ્ઞાનીની માં છે. જ્ઞાની તો નથી બીજું કારણ એ છે કે ભગવાન છે. તેને પોતાની સમજ મુજબ બે વાતતો કલિયર (સ્પષ્ટ) છે. કે મને પુત્ર તરીકે નો જે વ્હાલ છે ભગવાનમાં, એ પુત્ર તરીકે નો મારો વ્હાલ કોઈ લૌકિક પુત્રમા તો છે નહી. ભગવાનમાં જ છે તો શું ભગવાનને પુત્ર ભાવથી ભજાય નહી? જો માં પોતાના પુત્ર ને પુત્રભાવ થી ન ભજી સકતી  હોય તો ભગવાને પુત્રરૂપે જન્મજ ન લેવો જોઈતો હતો. પહેલી ભૂલ કોની? જો ભગવાનને પુત્ર તરીકે ટ્રીટ (સારવાર) ન કરી સકાતુ હોય તો ભગવાને પૂત્રરૂપે જન્મ લેવોજ ન જોઈએ. તો એક બાજુ આપ પુત્ર રૂપે જન્મી રહ્યા છો. અને તેમ છતાં તમે એમ કહેતા હો કે નાના મારે આ સંસાર નથી બાંધવો માતા પુત્ર નો મારે તો વિરક્ત થઈને હિમાલય જવું છે. બીચારી માં શું કરે? માં તરીકે આડા ટેડા સવાલ પૂછે છે. જે ને કારણે સંસાર થઈ રહ્યો હોય એ સંસારનું કારણ મને સમજવો ટ્રેકપર લાવવા માટે તેને કે પછી હું ટેલી (સરખાવી) કરીને જોઈશ કે તમે તેમાં કારણ છો કે નહીં? જો તમે તેમાં કારણ ન હો તો કોઈ કારણ નથી.

ભગવાન કહે છે કે ઓલરાઇટ (બરાબર) પ્રકૃતિની બધી કથા વિસ્તારથી સમજાવી દઉં કે સંસાર કેવી રીતે થાય છે. આતો પ્રકૃતિનો આખો સંસાર સમજાવ્યો ભગવાને. સારી રાત ટટ્ટુ ચલા પર માંગરોળ તો આતા નહિ હે તો કરેગા ક્યાં? ભગવાને યોગ પણ સમજાવી દીધો તેણે કહ્યું કે તમે યોગ કરવા જઈ રહ્યા છો? ચાલો મને યોગ સમજાવો. કઈ જાતનો યોગ કરુતો સારું કહેવાય.

ભક્તિયોગ શું ખરાબ કહેવાય? ભક્તિયોગમાં ભગવાનને પુત્ર તરીકે ધ્યાન ધરવું કે પુત્ર તરીકે વ્હાલ કરવું તે શું ખોટું કહેવાય? જો ખોટું ન કહેવાય તો તમે મને છોડીને જઇ કેમ રહ્યા છો? માં તરીકે અધિકાર છે કે નહિ? દીકરાને પૂછવાનો. ઓર્ડિનરી (સામાન્ય) દીકરો હોયતો તો બે લાફા મારીને પણ પૂછે, ભગવાનને લાફા મારીને કેવી રીતે પૂછે કે આ શું લફડો થઇ રહ્યો છે? બાળક તરીકે આપ મારે ઘરે પ્રગટ્યા ને આપ કહો છો કે મારે છોડીને જવું છે. એટલે રિવર્સ (વિપરીત) છે હો!. ત્યાં કૃષ્ણ લડાવવા માંગે છે ને અર્જુન છોડવા માંગે છે. અહીંયા ભગવાન છોડવા માંગે છે અને દેવહૂતીજી લડવા માંગે છે. એ કપિલગીતા અને અર્જુનગીતા નો મુદ્દો છે.

તેના લીધે અહીંયા સાંખ્ય અને યોગ બંને આવ્યા છે. મૂળ મુદ્દાની વાત એ છે તેની પાછળ રહેલ મુદ્દો એકજ છે. કેવી જાતનો સંસાર ખોટું કહેવાય તે સમજાવો, ભગવાન કહે છે કે ચાલ પ્રકૃતિની બધી કથા તને સમજવું કેવી રીતે સંસાર ખોટો હોય છે. પછી કહે છે કે તો મને યોગ સમજાવો કે યોગ કેવી રીતે કરવો ભગવાન કહે છે કે તને યોગ પણ સમજાવી દઉં છુ. પરંતુ ટટ્ટુ માંગરોળ નથી પહોંચતો, એટલે પછી કપિલદેવજી પોતેજ તેઓનું સ્વરૂપ બતાવી દે છે.

જેમ દેવકીજી ભગવાને અને વશુદેવજીને ભગવાને સમજાવ્યું કે **યુવામામ બ્રહ્મ ભાવેન પુત્ર ભાવેન ચાસકૃત ચિંત યન્તો કૃત સ્નેહો યાસ્યતે મદગતિં પરામ્** મારામાં સ્નેહ રાખો પણ કઈ જાતનો સ્નેહ?

પુત્રભાવ મારામાં એવો નહિ રાખો કે તમે બ્રહ્મભાવ ને ભૂલી જાવ અને બ્રહ્મભાવ એવો નહિ રાખો કે તમે પુત્ર તરીકે પ્રકટ્યો છુ છતાય પુત્રરીતે ટ્રીટ ન કરો, તો **યુવામામ બ્રહ્મ ભાવેન પુત્ર ભાવેન ચાસકૃત ચિંત યન્તો કૃત સ્નેહો યાસ્યતે મદગતિં પરામ્**

એક્જેટલી (બરાબર) એજ મોડલ અહીંયા કપિલજી એ પણ છેલ્લે પ્રગટ કરી દીધું કે તું મને પુત્ર ભાવથી ભજે છે તેમાં વાંધો નથી. પરંતુ બ્રહ્મભાવને ભૂલીને પુત્ર ભાવથી ભજે તો  કદાચ માં ને ભજવામાં પણ લફડા થઇ શકે છે. અને હું તારે ત્યાં પુત્રરૂપે તો પ્રગટ્યો છું. પણ મારા બ્રહ્મપણા છોડીને નથી પ્રગટ્યો. એટલે ફક્ત બ્રહ્મભાવ થી જ ભજે અને પુત્રભાવથી ન ભજે તો હું તારે ત્યાં પુત્રરૂપે પ્રગટ્યો શા માટે?

આજે સિધ્ધાંત અહીંયા સ્થાપિત કરવામાં આવ્યો. તેની પુષ્ટિમાર્ગ ઉપર અસર શું છે તે વાત જુઓ કે જ્યારે આપણે ભગવદ્ મૂર્તિની સેવા કરી રહ્યા છીયે મેટલની હોય કે સ્ટોન ની હોય કે કાગળ ની હોય તેને તે રીતે પણ ભજવું છે અને બ્રહ્મ, પરમાત્મા, ભગવાન રીતે પણ ભજવું છે. બ્રહ્મ, પરમાત્મા, ભગવાન ને એવી રીતે નથી ભજવું કે જે તમારા માથે સ્વરૂપ બિરાજી રહ્યું છે તે એ નથી. અને જે તમારી માથે બીરાજી રહ્યું છે એ સ્વરુપ છે એ એજ છે. તે બ્રહ્મ, પરમાત્મા, ભગવાન નથી એ રીતે નથી ભજવું. આ જે આખો સિધ્ધાંત શ્રીમહાપ્રભુજીએ ડ્રો (સ્થાપિત) કર્યો છે. આ અર્જુનગીતા અને કપિલગીતા થી ડ્રો (સ્થાપિત) કર્યો છે. અને તેમાં સાંખ્ય અને યોગનો વિદ્યા તરીકે ઉપયોગ છે. એ વિદ્યાથી વિદ્યાનો ઉપયોગ એટલે સાંખ્ય વિદ્યા, યોગ વિદ્યા, અને બ્રહ્મ વિદ્યા, આ ત્રણ વિદ્યા લ્યો, સાંખ્ય વિદ્યા કન્સલ્ટિંગ (સંબંધિત) મેટા ફિઝિક્સ (આધ્યાત્મશાસ્ત્ર), યોગ વિદ્યા કન્સલ્ટિંગ સાયકોલોજી (મનોવિજ્ઞાન), બ્રહ્મ વિદ્યા જેમા થીયોલોજી (ધર્મશાસ્ત્ર) પણ આવી જાય એ દેવ વિદ્યા.

તો દેવ એવા નહિ કે જે બ્રહ્મ ન હોય, અને બ્રહ્મ એવો નહિ કે જે દેવરૂપે ન ટ્રિટ (        ) કરાતો હોય, એ આખી આપણી શ્રીમહાપ્રભુજીની ફિલોસોફી નો અને આપણી સાધના પ્રણાલીનો થ્રસ્ટ (        ) છે. તેને બ્રહ્મ એવી રીતે નથી માનવો કે જેમાં દેવભાવ ભૂલાય જાય દેવ એવી રીતે નથી માનવો કે બ્રહ્મ ભાવ ભુલાઈ જાય. સેવ્ય સ્વરૂપ ને એવી રીતે નથી ગણવું કે જેમાં તમારી બ્રહ્મ પરમાત્મા ભગવદ્ દૃષ્ટિ ન હોય. બ્રહ્મ પરમાત્મા ભગવાનને એવી રીતે નથી ભજવા કે તેમે તમારા સેવ્યને કેવલ મેટલ કે સ્ટોન કે કાગળ ની ઈમેજ સમજો. તેને બ્રહ્મ ભાવ પરમાત્મ ભાવ ભગવદ્ ભાવ થી ભજો.

આ આખો જે આપનો સિધ્ધાંત છે અને ફિલોસોફી છે તેની પાછળની કઈ રીત? કે જ્યાં શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણ સેવા નું વિધાન કર્યું છે ને ત્યાં ચોખ્ખું કહ્યું છે કે **સાકાર-વ્યાપકત્વાચ્ય મંત્રસ્યાપી વિધાનત: શ્રીકૃષ્ણમ પુજયેદ્ ભક્ત્યા** એ સાકાર અને વ્યાપક છે. એટલે જે દેવ મૂર્તિને આપણે ભજી રહ્યા છીએ તે દેવ મૂર્તિ સાકાર છે. પરંતુ એવી સાકાર નથી કે વ્યાપક ન હોય, અને વ્યાપક એવો નથી કે જે આકાર રહિત હોય. આ સમજથી જો આપને દેવ મૂર્તિનું ભજન કરી રહ્યા છીયે તો આપણ ને માહાત્મ્ય જ્ઞાન અને સુદ્રઢ સ્નેહ બંને નો આલંબન મળી રહેશે. નહીતો એક ઠેકાણે સ્નેહનો આલંબન મળશે તો માહાત્મ્યજ્ઞાન ખંડિત થઈ જશે. અને માહાત્મ્યજ્ઞાન મંડીત થશે તો સ્નેહ ખંડીત થઈ જશે. કેમકે તેનામાં કોન્ટ્રાડીકટરી (વિરોધાભાસી) નેચર (સ્વભાવ) છે. એટલે કોન્ટ્રાડીકટરી (વિરોધાભાસી) નેચર (સ્વભાવ) ને કોરસ્પોન્ડ્સ (અનુરૂપ) કરવા માટે તમારા માં પણ કોન્ટ્રાડીકટરી (વિરોધાભાસી) સેન્ટિમેન્ટ (લાગણી) હોવી જોઇએ. માહાત્મ્ય જ્ઞાન ની ધીરજ હોવી જોઈએ અને સ્નેહ ની અધીરાઈ હોવી જોઈએ. સ્નેહ કોઈ દિવસ ધીરજ વાળો હોઈ શકતો નથી. જ્ઞાન કોઈ દિવસ અધીર હોઇ શકતું નથી. એટલે આપણામાં પ્રપોસનેટમાં (પ્રમાણમાં) ધૈર્ય અને

પ્રપોશનમાં (પ્રમાણમાં) અધીરતા એ બંને ના કોંબીનેસન (સંયોજન) ના બેલેન્સ ને આપણે જ્યારે નથી સાચવતા ત્યાં સુધી આને આપણે સરખી રીતે હેન્ડલ નહી કરી શકીયે.

જેમ ઉપનિષદ માં શું કહેવામાં આવે છે? **પરાંચીખાની વ્યતૃણોત સ્વયંભૂ તસ્માદ પરાગ પશ્યતી નાંતરઆત્મન કસ્ચીદધીર: પ્રત્યગાત્મન મૈચ્છત આવૃત ચક્ષુ અમૃત**.... ભગવાને આપણી ઇન્દ્રિયોના બધા દ્વાર બહાર તરફ ખોલ્યા છે. ભીતર તરફ દ્વાર ખોલ્યાજ નથી. એટલે બહારનું બધું દેખાય છે. અને ભીતર નું કશું દેખાતું નથી. અને ઉપનિષદની વાતની ખૂબસૂરતી સમજો. હમણાં નહિ કરતા હમણાં કરસોતો ઊંઘ આવી જશે. પરંતુ ઘરે જઇ ને એક પ્રયોગ કરીને જો જો, કે કાન અને આંખ બંધ કરીને બેસો. ધીરજ ખૂટી જાય છે કે નથી ખુટતી? જોવાની ઈચ્છા થઈ જ જશે. ટ્રેનમાં જતા હોયને ત્યારે કે બસમાં જતા હોય ત્યારે આંખ મીચીને બેસી જાવ થોડીક વારમાં ધીરજ ખૂટી જશે, જોવાની ઈચ્છા થઇ જ જશે, કે ક્યાં સુધી પહોંચ્યા? જરા જોઈ તો લઈએ, એટલે આંખ બંધ કરવામાં બહુજ ધીરજ જોઈયે, આંખ ખોલવામાં ધીરજ ની જરૂર નથી પડતી ડોળા ફાડ્યા તો જોતાજ રહે બંધ કરવામાં ધીરજ ની જરૂર છે.

એટલે **કસ્ચીદધીર: પ્રત્યગાત્મન મૈચ્છત આવૃત ચક્ષુ અમૃત**..... જેનામાં ધીરજ હોયછે. તે આંખો મીચી લેતા હોય છે. જેનામાં ધીરજ નથી હોતી એટલે જેમને ઊંઘ આવતી હોય તેમને હું ધીરજ વાળા વિદ્યાર્થી કહું છું. અને તમારા માં અધીરાઈ હોયતો ઊંઘ આવે નહી.

મારે એવું થયું હો કિશંનગઢમાં હું ગીતાજીના ૯ માં અધ્યાય પર પ્રવચન કરતો હતો અગાશી ઉપર ગરમીના દિવસો ઓચિંતા વીજળી ગઈ વરસાદ પડ્યો. મને થયું વીજળી ભલેને ગઇ આપણે ક્યાં માઈકમાં બોલી રહ્યા છીએ. કાનથી સાંભળવાનું છે દેખાય કે ન દેખાય ફરક શું પડે એટલે પોણો કલાક હું પ્રવચન કરતો રહ્યો. જ્યારે વીજળી આવી ત્યારે બધાજ

સુતા હતા મારા સિવાય. હું જ એકલો પ્રવચન કરી રહ્યો હતો. બધુજ ઓડીયન્સ સુતેલું કેમકે એકતો ગરમીના દિવસો એમાં ઠંડક થઇ ગઇ અને વીજળી ગઈ પછી જાગવા ની ધીરજ કોણ રાખે અધીરાઈ કોને હોય. પછી મને બહુ મુંજવણ થઈ કે આતો આપને પોણો કલાક વ્યર્થમાં વ્યક્ત કર્યો, એક વકીલ સાહેબ આવતા હતા ત્યાં ના MLA હતા. ખાલી મારી જૈ પટાવવા માટે હો બીજો કોઈ હેતુ ન હતો મારો. મે તેને પુછ્યુ કેમ વકીલ સાહેબ સમજમાં આવ્યું ને? તેણે કહ્યું કે મહારાજ હમણાંતો ઊંઘ આવી રહી છે કાલે વાત કરીશું. કોઈક વસ્તુ ફક્ત અધીરાઈ થી જ સમજમાં આવે કોઈક વસ્તુ ફક્ત ધૈર્યથી જ સમજમાં આવે. બ્રહ્મનું કેમકે વ્યાપક પણ રૂપ છે. જેમાં ધીરજ ની જરૂર છે. અને એક સાકાર રૂપ છે. તેમાં ધીરજ ની કોઈ જરૂર નથી, બ્રહ્મને સમજવા માટે જેમ બાથરૂમ માં સ્નાન માટે ઠંડુ જલ પણ હોય અને ગરમ જલ પણ હોય બન્ને ના નોબ ખોલો તો સમોયું જલ આવે, એક ખૂલે તો ઠંડુ જલ આવે તો ઠંડી માં મરી  જઈએ અને ગરમ જલ આવે તો બળી જઈએ. બન્ને નોબ ખોલો તો સમોયુ જલ આવે. એમ આપણે બન્ને નોબ ખોલવા પડશે. ધીરજના પણ અને અધિરના પણ તો આપણને લ્યુપ વોરમ ફિલિંગ (સમોયું લાગણી) મળશે બ્રહ્મની બાબત માં જે આપણો સિધ્દ્વાંત છે. બહુ વધારે ગરમ નહી બહુ વધારે ઠંડુ નહી એ જે લ્યૂપવર્મ (સમોયું) જે સીચ્યુંએશન (પરિસ્થિતિ) છે. તેમાં જે સાંખ્ય વિધા છે. એ મેટા ફિઝિક્સ (આધ્યાત્મિકશાસ્ત્ર) ની છે. જીવ વિધા જે છે તે સાયકોલોજી (મનોવિજ્ઞાન) છે આપણી. તે યોગમાં આવી રહી છે.

કેમકે **યોગ આત્મદર્શનમ્ અયમહી પરમો યોગો યદ યોગેન આત્મદર્શનં** જેનાથી તમે તમારી જાતને જોતા થાવ તેમાં ધીરજ ની જરૂરત છે હો. ગામને જોવામાં ધીરજ ની જરૂરત નથી. પરંતુ આંખ મીચીને પોતાને જોવું હોય ને બહુ ધીરજ જોઈએ અઘરું છે. બહુ અઘરું છે. **અયમહી પરમો યોગો યદ્ યોગેન આત્મદર્શન અયમહી પરમો ધર્મ યદયોગેન**

**આત્મદર્શનમ્** તેમાં તશ્ચિદ ધીર તેમાં ધૈર્ય ની જરૂરત છે. સાંખ્ય વિધામાં ધૈર્યની જરૂરત નથી શા માટે? કેમકે ત્યાં સાંખ્યમાં તમે એકની અનેક્તા કેવી રીતે થઇ જાણી રહ્યા છો. એકની અનેક્તા કેવી રીતે થઇ એ જાણવામાં તો તમને ધીરજ ની જરૂરત જ નથી ને દર વખતે નવું નવું આવશે. આપણી ધીરજ ક્યારે ખૂટે? અનેક ની એકતા સમજવામાં ધીરજ ખૂટતી હોય છે. કેમકે એકતાને સમજવી એ ધૈર્ય વિના શક્ય નથી. કેમકે તેમાં એક્ષાઈટિંગ (ઉતેજક) પોઇન્ટ નથી મળતો. એકની અનેક્તા સમજવામાં તો એક્ષાઈટિંગ (ઉત્તેજક) પોઇન્ટ મળેછે.

ફિલ્મી ગીતામાં કેમ આપણ ને ઊંઘ નથી આવતી દર વખતે નવા નવા શબ્દો આવતા હોય. શાસ્ત્રીય સંગીતમાં કેમ બધાને ઊંઘ આવી જાય છે. એકજ આલાપ કરે આ .... આ .....ચાલતું હોય લોકોની ધીરજ ખૂટી જાય કે ભાઈ આ ક્યાં સુધી આ...આ...ચાલશે ચાલો સુઈ જાવ.

ફિફટી માં બેલા માતુશ્રી સભાગૃહ માં સ્વામી હરિદાસ સ્વામી સંગીત સંમેલન થતું હતું. તેમના જે આયોજક હતા તેમણે વ્રજેશ્વરી વાળા મુક્તાનંદજી ને ઉદ્ઘાટન માટે બોલાવ્યા, અને હરિદાસ સ્વામી સંગીત સંમેલનનું ઉદ્ઘાટન મુક્તાનંદજી એ રીતે ભાષણ કરીને કર્યું કે આ શાસ્ત્રીય સંગીતની સૌથી કોઈ શ્રેષ્ઠતા હોય તો એ છે કે તેને સાંભળતા ઊંઘ આવી જાય છે. એટલે બધા આર્ટીસ્ટ (કલાકારો) બિચારા નર્વંશ થઇ ગયા કે અમારા વખાણ કર્યા? મુકતાનન્દજી એ કચ્ચરઘાણ કાઢી દીધો અમારો મુક્તાનંદજી એ આવું ભાષણ કર્યું.

મારો કહેવાનો મુદ્દો એ છે કે અધીરાઈ અને ધીરતામાં પ્રપોશન (પ્રમાણ) જાળવવું જોઈએ. આઉટ ઓફ પ્રપોશન (પ્રમાણ ની બહાર) ધીરતા અને આઉટ ઓફ પ્રપોશન (પ્રમાણની બહાર) અધીરતા બંને આપણને જ્યાં પહોંચવું છે ત્યાં પહોંચાડતા નથી. હેસ્ટ ઇસ વેસ્ટ (ઉતાવળ નકામી છે) પણ જેવી રીતે હેસ્ટ ઇસ વેસ્ટ (ઉતાવળ નકામી છે) તેવી રીતે

નો હેસ્ટ ઇસ ઓલ્સો વેસ્ટ (કોઈક ઉતાવળ પણ નકામી નથી), તો તમને ઓલવેઝ (બધી રીતે) સેન્સ ઓફ પ્રપોશન (પ્રમાણ ની સમજ) હોવું જોઈએ. દરેક વાતમાં કોઈપણ એચિવમેન્ટ (સિધ્ધિ) કરવા માટે જરાપણ તમારામાં ધીરજ જ ના હોય તો કોઈ અભ્યાસ હોય કે પ્રેમ સંબંધ હોય ધીરજ પણ રાખવી પડશે થોડી અધીરાઈ પણ રાખવી પડશે.

પાકિસ્તાનના એક શાયરે બહુ સુંદર કહ્યું છે,

**બેનિયાઝાના હર એક રાહશે ગુજરાભી કરો શૌકે નઝારા જો ઠહેરાય તો ઠહેરાભી કરો**, એટલે ધીરજ બે નીયાઝાના એટલે લાગ લપેટ રાખ્યા વિના ગો ઓન મુવિંગ (આગળ વધો) પરંતુ ગો ઓન મુવિંગ (આગળ વાધો) એટલે કોઈક સારૂ દ્રશ્ય આવેતો ઉભા રહીને જોવું નહિ? એવું નહિ, **શૌકે નઝારા જો ઠહેરાય તો ઠહેરાભી કરો**. જઈ રહ્યા છો, ચાલી રહ્યા છો, પણ કોઈક દ્રશ્ય જોવા જેવું આવી ગયું તો બે મિનિટ ઉભા રહીને તેની બ્યુટી પણ જોઈલો. **બેનિયાઝાના હરેક રાહશે ગુજરાભી કરો શૌકે નઝારા જો ઠહેરાય તો ઠહેરાભી કરો ઇતને સાહિસ્તા એ આધાબે મહોબ્ત ન બનો શીકવા ઉઠતા હે અગર દિલમેં તો શીક્વાભી કરો** કોઈની સાથે સ્નેહ કરવામાં એટલા બધા વિવેકી નહી થઈ જાવ કે તેમની સામે તેમના માટે કોઈ કંમ્પ્લેઇન (ફરિયાદ) હોય તે પણ ન કરવી. અરે ભાઈ કરો કંમ્પ્લેઇન (ફરિયાદ). જેને તમે ચાહી રહ્યા છો તેની સામે કંમ્પ્લેઇન (ફરિયાદ) કરવામાં તમને શું તકલીફ છે. બીજા સામે ન થાય પરંતુ જે આપણો દોસ્ત હોય તેના માટે આપણને કોઈ ફરિયાદ હોય તો દરેક વખતે ફરિયાદ કરતા રહેવું સારું નહિ. કોઈક વખતે કોઈ ફરિયાદ હોય તો ફરિયાદ કરવામાં દોસ્તીનો કોન્ફિડન્સ (વિશ્વાશ) હોવો જોઈએ કે દોસ્ત છું તેથી ફરિયાદ કરું છું. શીકાવા ઉઠતા હે અગર દિલમેં તો શીકવાભી કરો. એટલે અતિશય ધીરજ પણ નહિ રાખો, **સીનયે ઇશ્ક તમન્નાઓ કા મદપન તો નહિ, શૌકે દીદાર અગર હૈ તો તકાજાભી કરો.** એટલે પ્રેમ ભરેલી જે

તમારી છાતી છે. તે તમારી ઈચ્છાઓની કબર છે તેવું નહિ માની લેતા, તમારી છાતીને તમારી ઇચ્છાઓની કબરગાહ નહિ માની લેતા. જો ખરેખર દર્શન કરવાની ઈચ્છા થઇ રહી છે. તો થોડોક ઝઘડો કરોને **સીનયે ઇશ્ક તમન્નાઓ કા મદપન તો નહિ, શૌકે દીદાર અગર હૈ તો તકાજાભી કરો.** એટલા અતિશય ધીરજ અને અતિશય અધીરાઈ એ બંને આઉટ ઓફ પ્રપોર્સન (પ્રમાણની બાહર) છે. પાકિસ્તાની શાયરે બહુ ગજબ મુદ્દાની વાત કહી છે.

પ્રશ્નઃ નંદરાયજી ને ખબર તો હતી કે કૃષ્ણ ભગવાન છે.

તેમને થોડો અણસાર હતો પરંતુ નિશ્ચય ન હતો કે આ કોણ છે. યશોદાજી ને પણ અણસાર તો મળતાજ રહેતા હતા કે આમ કંઈક તો લફરૂ છે. પરંતુ નિર્ણય ન હતો.

પ્રશ્ન: આટલા અશુરોને માર્યા

પરંતુ નિર્ણય ન થાયને

સાંખ્યએ  શા માટે કહ્યું એ વાત સમજીલો એસ એ મેટા ફિજીક્સ (આધ્યાત્મશાસ્ત્ર) સાંખ્ય સમજાવવામાં આવ્યું છે. યોગ જીવ માટે સમજાવવામાં આવ્યો છે. સાયકોલોજી (મનોવિજ્ઞાન). દેવ વિદ્યા અને બ્રહ્મ વિદ્યા મુક્તિ માટે સમજાવવામાં આવી છે. શ્રીમહાપ્રભુજીએ બાલબોધમાં તેનો ખુલાસો કર્યો છે. કે સાંખ્યયોગ થી તમને આત્મસુખરૂપા મુક્તિ મળી શકે છે. પરંતુ બ્રહ્માનંદ અને ભજનાનંદ તો તમને બ્રહ્મ વિદ્યાથી કે દેવ વિદ્યાથીજ  મળશે. પરંતુ શ્રીમહાપ્રભુજી નો સારાંશ કાઢીયે તો સમજી શકાય કે દેવ વિદ્યાથી ભજનાનંદ મળે પરંતુ બ્રહ્માનંદ નહિ મળે અને બ્રહ્મ જ્ઞાનથી બ્રહ્માનંદ મળે પરંતુ ભજનાનંદ નહિ મળે. અને **યુવા માંમ બ્રહ્મ ભાવેન પુત્ર ભાવેન ચાસ કૃત** તેમાં દેવ વિદ્યા અને બ્રહ્મ વિદ્યા બંને વાપરશો તો બ્રાહ્મીક ભજનાનન્દ મળશે. એ સિન્થેસિસ (સંશ્લેષણ) થાય છે. અને એ બ્રાહ્મીક ભજનાનંદ ને મેળવવાની જે પાત્રતા છે એલિજિબિલિટી

(પાત્રતા) તે સાંખ્ય યોગ થી થાય છે. એ આખી આપણી કપિલગીતાની પણ આપણી સાધના પ્રણાલીની પણ આપણા અષ્ટાક્ષર, વિવેકધૈર્યાશ્રય, નવરત્ન, સિધ્ધાંત મુક્તાવલી, અને ભક્તિવર્ધીની ની જે સ્કીમ છે તે આ સ્કીમ છે. સાંખ્ય યોગ તો આવ્યો ને સમજમાં? સિધ્ધાંત મુક્તાવલી માં દેવ વિદ્યા છે. ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે કે **અત:સ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુધ્દ્રિર્ વિધીયતામ..** એટલે દેવ વિદ્યા ને બ્રહ્મવાદ સાથે ક્લબ કરીને વિવેકધૈર્યાશ્રય જે છે તે શું છે? સાંખ્ય યોગ, વિવેક એ સાંખ્ય છે, ધૈર્ય એ યોગ છે,અને આશ્રય દેવ વિદ્યા છે.